॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**સંપાદક :** શ્રી તરલા દેસાઈ-ડૉ. અરુણા ઠાકર
**વ્યવસ્થાપક :** શ્રી આશિષ વી. ગોહિલ P.966 466 9052
**મુદ્રણ :** વૃન્દા ભૂપેન્દ્ર પટેલ, OLD L.I.G 167, આનંદનગર, ભાવનગર-૫
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં, ડી.કે.પટેલ હૉલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'

ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

'અધ્યાત્મ' દર માસની ૧ તારીખે પ્રસિદ્ધ થશે.

આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.

છૂટક નકલ **૮-૦૦**। દસ વર્ષ માટે **૨૫૦/–**

વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/–**। દસ વર્ષ માટે **૧૬,૫૦૦/–**

'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.

'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં ઓછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.

આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઑર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચૅરિટેબલ ટ્રસ્ટ**

'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા

પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ શ્રીરામકૃષ્ણ : માન-અપમાનથી પર ॥

એકવાર એક ભક્તે ઠાકુરને પોતાને ઘરે પધારવા આમંત્રણ આપ્યું. ઠાકુર એમના માનસપુત્ર રાખાલને લઈને ત્યાં ગયા. યજમાન પોતાના સગાંસંબંધીઓના આદર-સત્કારમાં અત્યંત વ્યસ્ત હતા તેથી ઠાકુર પ્રત્યે ધ્યાન આપ્યું નહિ. એટલે રાખાલે નારાજ થઈ ઠાકુરને કહ્યું; 'મહારાજ ચાલો, પાછા જતા રહીએ.' પરંતુ ઠાકુર માટે તો માન અને અપમાન બંને સરખાં જ હતાં. એમણે હસતાં હસતાં રાખાલને કહ્યું; 'અરે ઊભો તો રહે ! ગાડીભાડાના ત્રણ રૂપિયા ને બે આના કોણ આપશે ?' ખાલી મિજાજ દેખાડવાથી કંઈ જ વળશે નહિ. પૈસા તો છે નહિ ને ફોગટનો મિજાજ ! વળી આટલી રાત વીત્યે ભોજન કયાં મળશે ? બીજો કોઈ ઉપાય ન જણાતાં રાખાલ ચૂપચાપ બેસી રહ્યા. થોડીવારમાં તેમને બોલાવવામાં તો આવ્યા પણ અંદર ગયા ત્યારે ખબર પડી કે બેસવાની જગ્યા તો પહેલેથી જ ભરાઈ ગઈ હતી. આથી ઠાકુર માટે મહામહેનતે એક ગંદી જગ્યા પર બેસાડવાની વ્યવસ્થા કરવામાં આવી. ભોજન બાદ દક્ષિણેશ્વર પાછા ફરતાં રસ્તામાં ઠાકુરે રાખાલને સમજાવ્યું; 'ક્યારેક ક્યારેક ગૃહસ્થ લોકો અજ્ઞાનને લીધે સાધુ સાથે યોગ્ય વ્યવહાર કરતા હોતા નથી. તો પણ સાધુએ એમના દોષ તરફ ધ્યાન ન આપતાં એમના કલ્યાણની જ કામના કરવી જોઈએ. કંઈ પણ ખાધાપીધા વગર ચાલ્યા આવવાથી ગૃહસ્થનું અનિષ્ટ થાય છે. સાધુ માટે એમ કરવું બરાબર નથી. ઓછામાં ઓછું એક ગ્લાસ પાણી માગીને પણ પી લેવું જોઈએ.'

**—શ્રીરામકૃષ્ણ પરમહંસ**

|| ૐ યોગેશ્વરાય નમઃ ||   || ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ||

# || જુલાઈ, ૨૦૨૪ ||

## (પૂજ્યશ્રી 'મા'નું સ્વદેશાગમન)

'સંતનો સમસ્ત વિશ્વ માટે હેતુ ને અહંકારરહિત, અલૌકિક વિશુદ્ધ પ્રેમ હોય છે; કેમકે તેઓ સમગ્ર વિશ્વને પોતાના ઈષ્ટ દેવનું સાક્ષાત્ સ્વરૂપ સમજે છે. આવા સંતના સત્સંગથી આપણામાં દૈવી સંપત્તિની વૃદ્ધિ થાય છે. શાંતિ-આનંદની વૃદ્ધિ થાય છે. આવા સાચા સંતના ચરણોમાં નમસ્કાર કરો. એમની વાણીને વેદવાક્યથી ચઢિયાતી સમજો. એમની ચરણરજને પોતાની અમૂલ્ય સંપત્તિ માનો. એમની આજ્ઞાનું પ્રાણપણે પાલન કરો. એમના ઈશારા પર બેસી-ઊઠો ને જુઓ તમારું કેટલું જલ્દી, કેવું મંગલ થાય છે !'

**–'શિવ'**

**(બૃહન્નારદીયપુરાણ)**

# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૭ |
| ૧. એક વિશેષ નોંધ | સંકલન | ૮ |
| ૨. શ્રીયોગેશ્વરકથામૃત | શ્રી'મા' સર્વેશ્વરી | ૯ |
| ૩. પરમ પ્રેમમયી 'મા'ની 'પ્રેમગીતા'ના વીસ અધ્યાય | સંકલન | ૧૭ |
| ૪. શબ્દકૅમેરામાં ઝિલાયેલી પૂ.શ્રી'મા'ની સુખદ સંનિધિ | " | ૨૬ |
| ૫. જીવનનું ધ્યેય | શ્રીયોગેશ્વરજી | ૩૯ |
| ૬. સ્તુતિ | " | ૪૩ |
| ૭. પ્રશ્નોત્તરી | " | ૪૫ |
| ૮. શ્રીદત્તાત્રેય | સંકલન | ૫૧ |
| ૯. પરમ ભક્ત સુધન્વા | " | ૫૭ |
| ૧૦. કબીરની દૃષ્ટિએ રામ | ડૉ.ઈશ્વરચંદ્ર દેસાઈ | ૬૦ |
| ૧૧. વસંતપંચમીનો સાચો મહિમા | સંકલન | ૬૪ |
| ૧૨. 'સ્વર્ગારોહણ' જઈ નિર્ભય થઈએ | શ્રી નિર્ભયરામ વૈષ્ણવ | ૬૬ |

## નિવેદન : ‘‘સ્વર્ગારોહણ’નાં અધખૂલાં દ્વાર પૂરેપૂરાં ખૂલી ગયાં’

(ભક્તોંકે સોયે ભાગ જગ ગયે, પરમ પ્રેમમયી ‘મા’ આ ગયેં)

તા.૧૯/૪/૨૪ની સવારે પૂ.શ્રી‘મા’ ‘સ્વર્ગારોહણ’માં અચાનક પધાર્યાં, વિદેશની ચાર-પાંચ મહિનાની દીર્ઘ યાત્રા બાદ સહસા દર્શન આપી, સ્વર્ગારોહણમાં ઉપસ્થિત સર્વ ભક્તોને અપૂર્વ વિસ્મયાનંદથી છલકાવી દીધા. આ સમાચાર પોતાના જ શ્રીમુખેથી પ્રસારી, કરુણા, તેમજ પરમ આનંદની એક મધુર ધારા ભારતના ભક્તોના હૃદયમાં સહજ વહેતી કરી દીધી. તેઓશ્રીના શબ્દેશબ્દમાં અદ્‌ભુત શાલીનતા, આભિજાત્યથી ઓપતી વિનમ્રતાનું ઐશ્વર્ય અનુપમ હતું. પૂ.શ્રી‘મા’ની આ દેખીતી સાધારણતામાં એમની અનન્ય અસાધારણતાની મહેક કોઈનું પણ હૃદય મોહી લે.

હમણાં તાજેતરમાં જ રચાયેલી પૂ.શ્રી‘મા’ની પદરચના ‘અમે તો યોગેશ્વરજીનું રમકડું.’ અને વર્ષો પહેલાં રચાયેલ એમની શૈશવકથામાં

‘અમે સદ્‌ગુરુની ક્રીડાસ્થલિ...

અમે પ્રભુના હાથની કઠપૂતળી..’

વગેરે ભાવોદ્‌ગારમાં શ્રીપ્રભુનું મહિમાગાન અને પોતાની લઘુતા-સામાન્યતા-દર્શાવવા પૂ.શ્રી‘મા’ વસ્તુતઃ પોતાનો મામૂલીપણાને ઉપાસવાથી, પોતાના મહામૂલા આંતરસત્ત્વને સહેજે પ્રગટાવી દે છે; અર્થાત્ તેઓશ્રીનો આંતરવૈભવ શબ્દોનો મોહતાજ નથી, સ્વતઃ સિદ્ધ છે, એટલો પારદર્શક છે કે, અભિવ્યક્તિ સુધીય એને જાણે પહોંચવાની આવશ્યકતા નથી.

પૂ.શ્રી‘મા’ની અદ્‌ભુત આંતરશ્રી એના સહજ, અનાયાસ સ્વરૂપે પ્રસરતાં આપણા મન-અંતર એક અપૂર્વ ‘શીતળ ઊર્જાથી જાણે સભર-સભર થઈ જાય છે.’ એમનું શુભાગમન આપણા સર્વ પ્રકારના કલ્યાણની ઘોષણાનો જાણે સંકેત બની જાય છે.

# ।। એક વિશેષ નોંધ ।।

**।। 'અધ્યાત્મ'ના રાજતિલકસમી 'શ્રીયોગેશ્વરકથામૃત' લેખમાળા ।।**

પૂજ્ય શ્રીયોગેશ્વરજીએ દક્ષિણ આફ્રિકામાં કરેલા વિશાળ કલ્યાણકાર્યનો પરિચય કરાવવાના હેતુથી પૂ.શ્રી'મા' વર્ષોથી સળંગ લેખમાળારૂપે 'શ્રીયોગેશ્વરકથામૃત'નો એકધારો પ્રસાદ દર મહિને 'અધ્યાત્મ'ના વાચકોને વહેંચતાં રહ્યાં છે. દક્ષિણ આફ્રિકાની એ યાત્રાના અનુસંધાનમાં જ વિદેશથી ભારત પધાર્યાની સવારે જ પૂ.શ્રી'મા'એ એક નાનકડી ચિઠ્ઠી દ્વારા વોટ્સઍપ પર જણાવ્યું કે;

'તા.૨૨/૩/૮૩ થી તા.૨૧/૫/૮૩ની નોંધ નથી. તા.૨૨/૫/૮૩ થી યાત્રા શરૂ થાય છે માટે તા.૨૨/૫ થી તા.૨૯/૫ સુધીની આઠ દિવસની 'શ્રીયોગેશ્વરકથામૃત'ની નોંધ આપને મોકલીએ છીએ.' આના સુભગ પરિણામરૂપે આપણને પૂ.શ્રી'મા'ની અખંડ અમૃત અક્ષરધારા પ્રાપ્ત થાય છે. જે મસ્તકે ધારી ધન્ય બનીએ.

<u>તા.ક.</u> વિશ્વમાં યુગધર્મ બજાવવા જ ભેખ ધારણ કરનાર મહાન સંત એવાં પૂ.શ્રી'મા' પોતાના સદ્‌ગુરુએ સંસ્થાપેલા 'અધ્યાત્મ' માસિકના અંકની લેખમાળાની અખંડિતતા, સાતત્ય જાળવવા કેટલા પ્રેમથી, જતનથી પોતાની લેખિકા તરીકેની ફરજ બજાવે છે ! પૂ.શ્રી'મા'ની અનન્ય નિષ્ઠાની નોંધ લેતાં આપણે ચકિત થઈ જઈએ છીએ. ભૂમિકા ગમે તેટલી નાની-ગૌણ હોય પણ તેને સંપૂર્ણ દાયિત્વની સૂઝથી નિભાવવાની હોય છે. તેનું જીવંત પ્રત્યક્ષ ઉદાહરણ પૂ.શ્રી'મા' આપણી સમક્ષ મૂકે છે. સાચે જ પૂ.શ્રી'મા'ની આવી ઉમદા કાર્યપદ્ધતિ આપણને કેટકેટલું શીખવી જાય છે !

"'કહીને નહિ, કરીને બતાવે' એ 'મા'." આપણાં પ્રેમમયી 'મા' સર્વેશ્વરી ! તેઓશ્રીને આપણા કોટિ કોટિ પ્રણામ !

**—સંકલન**

# ॥ શ્રીયોગેશ્વરકથામૃત ॥

**તા.૨૨/૫/૧૯૮૩, રવિવાર. વૈશાખ સુદ અગિયારસ, વિ.સં.૨૦૪૦**

**સ્થળ : વડોદરાથી નાથદ્વારા.**

**વિશ્રામ : કોઠારી અતિથિશાળા.**

સવારે ૬:૩૦ વાગ્યે યાત્રા શરૂ થઈ તે પહેલાં પૂ.શ્રીયોગેશ્વરજીએ પરમશક્તિ પાસે યાત્રાએ નીકળવાની રજા માગી. પરમશક્તિએ નીચે મુજબની વિગતો આપી.

હવે લખુ છું સાચું;

(૧) આજે નીકળી જઈશું ઉત્તર તરફ

(૨) ઘણી સારી રીતે લઈ જઈશ તમને.

(૩) બીજી મોટરવાળા વચ્ચે મેળ નથી થવાનો. અંદર-અંદર વચ્ચે મન ઊંચા થશે. છતાં આપણે છીએ એટલે હરકત નહીં આવે. સલામત બધા ઘરે પહોંચશે.

(૪) હું કહું તેમ કરજો.

અમદાવાદ, મણિનગર એક કલાક રોકાયા બાદ શામળાજી ૧૨:૪૫ વાગ્યે આવી ગયા. એક વૃક્ષ નીચે થોડો આરામ કર્યો. અગિયારસ હોવાથી ત્યાં શીખંડ, લીંબુનું શરબત વગેરે લીધું. સાડા ત્રણ વાગ્યે શામળાજીના મંદિરનાં દર્શન કર્યાં. પૂ.શ્રી મંદિરમાં ન આવ્યા. ગાડીઓ આગળ ચાલી.

આ યાત્રામાં બે ગાડી છે. કુલ દસ યાત્રીઓ છે. રાત્રે સાડા આઠ વાગ્યે શ્રીનાથદ્વારાની કોઠારી અતિથિશાળામાં વિશ્રામ કર્યો. સવારે ૬:૩૦ વાગ્યે શરૂ થયેલી યાત્રા વડોદરાથી નીકળી નાથદ્વારમાં વિશ્રામ પામી. થાકને લીધે સાંજનો સત્સંગ ન થયો. આરામ જ કર્યો.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ.

*

**તા.૨૩/૫/૧૯૮૩, સોમવાર. વૈશાખ સુદ બારસ, વિ.સં.૨૦૪૦**
**સ્થળ : શ્રીનાથદ્વારાથી કિસનગઢ, રેસ્ટ હાઉસ.**

સવારે સાડા છ વાગ્યે નીકળવાની યોજના હતી. પરંતુ મંદિરમાં દર્શન કરનાર મંડળી મોડી આવી. જેથી ૭.૪૫ વાગ્યે શ્રીનાથજીથી આજની યાત્રા શરૂ થઈ. માર્ગમાં ગીતાનો ૧૨ ને ૧૫મો અધ્યાય, વિષ્ણુસહસ્ર, શિવમહિમ્ન, ગુરુબાવનીના પાઠ કર્યા.

દસ વાગ્યા પછી 'ભીમ' નામનું એક સ્થળ આવ્યું. જ્યાંના રેસ્ટ હાઉસમાં બે વરસ પહેલાં ઉતારો કર્યો હતો. આજે ત્યાં વિશ્રામ કરવાનો સમય ન હતો. જેથી આગળ ચાલ્યાં ને બીયાવર, જ્યારે તેવીસ કિલોમીટર દૂર રહ્યું ત્યારે, અમારી સાથેની ગાડીમાં બગાડ થયો. અને જ્યાં બગાડ થયો ત્યાંથી અંદરના ખેતરમાં કેરીઓથી ભરેલું વૃક્ષ અને કૂવો હતો. જેથી પૂ.શ્રીએ ત્યાં જ વિશ્રામ કરવાની અને ખીચડીનું ભોજન બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી.

થોડી જ વારમાં ત્યાં બધો સામાન લઈ જવામાં આવ્યો. પથ્થરનો ચૂલો તૈયાર થયો. નાની નાની પાતળી સળી ને આંબાના લાકડાના નાના નાના ટૂકડા ભેગા થઈ ગયા. તપેલીમાં દાળ, ચોખા ભેગા કરી પૂ.શ્રીએ ચૂલા ઉપર તપેલી ચઢાવી. પણ તે પહેલાં પૂ.શ્રીએ મંત્રોચ્ચાર સાથે તે ચૂલા ઉપર પાણી નાંખી સ્વચ્છ કર્યું. ખીચડીને તૈયાર થતાં એકાદ કલાક થયો. પૂ.શ્રીએ ખીચડીને કેરીના મુરબ્બાનું ભોજન કર્યું. સૌને એનો પ્રસાદ પણ મળ્યો.

પૂ.શ્રીએ ગાડી બગડી તેમાં પણ પ્રભુકૃપા માની. જેથી ખૂબ આનંદથી બાલાશંકર કંથારિયાનું પેલું પ્રસિદ્ધ કાવ્ય ગાતાં ગાતાં ખીચડી બનાવી અને વિવિધ વાતો કરતાં કરતાં સૌને હસાવ્યાં.

'ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.'

તુવેરની દાળને ચઢતાં વાર લાગશે એવી વાત સાંભળી પૂ.શ્રી કહેવા લાગ્યા, 'કોઈપણ મારે શરણે આવે તેને આગળ જ ચઢાવુ છું.' ગમે તેવા કાચા સાધકને પણ પાકા કરી દઉં છું. અમે દેવપ્રયાગની કુટિયામાં આ રીતે દરરોજ ભોજન બનાવતા. લાકડાં ભીનાં હોય એટલે ધુમાડો નીકળે, કંટાળીએ. કાચું જ રહે. જેથી પ્રેમપૂર્વક નદીમાં પધરાવી દઈએ પછી ચોખા ચાવીએ. વળી ગાવા લાગ્યા :

**'તું રામ સુમીર, જગ લડવા દે,**
**કોરા કાગજ કાલી શાહી, પઢત લિખત વાકો પઢવા દે—તું'**
**'પ્રભુ અંતર્યામી, જીવન જીવના દીન શરણા.'**

લગભગ ત્રણ વાગ્યે ફરી યાત્રા ચાલુ થઈ ત્યારે જ્યાં ગાડી બગડી ત્યાં એક માણસનું પથ્થરનું સ્મારક હતું. તે અંગે પૂ.શ્રીએ કહ્યું કે, 'દર શનિવારે શીરો ને દહીં આ પથ્થર પાસે મૂકવામાં આવે તો એની સદ્‌ગતિ થાય. તે કાર્ય તેના સંબંધીએ જ કરવું પડે.' વાત ત્યાં જ પૂરી થઈ, ગાડી આગળ ચાલી.

સાંજે અજમેર આવ્યું. ઉતરવાની વ્યવસ્થા જોતાં હતાં ત્યાં જ પૂ.શ્રીએ કહ્યું કે, 'આગળ ચાલો. કિસનગઢ.' અને ગાડી આગળ ચાલી. સાત વાગ્યે કિસનગઢ આવી ગયા. સરકારી રેસ્ટ હાઉસમાં ઉતરવાની યોજના હતી. જેથી પૂ.શ્રી પણ નીચે ઉતરી ગયા. રેસ્ટ હાઉસ નહીં મળે એવી માહિતી મળતાં જ પૂ.શ્રીએ કહ્યું, 'અહીં ઊતર્યા એટલે રહેવાનું જ. આગળ નથી જવાનું.' અને મેદાનમાં પૂ.શ્રી આંટા મારવા લાગ્યા.

થોડી જ વારમાં કિસનગઢની મીલના રેસ્ટ હાઉસમાં વિના

મૂલ્યે રહેવાની સુંદર વ્યવસ્થા થઈ ગઈ ! એ સમાચાર મળતાં જ પૂ.શ્રીએ કહ્યું, 'જગદંબાએ અજમેરથી કહેલુ કે, ચાલો કિસનગઢ. ત્યાં બધી વ્યવસ્થા કરીશું. એ તો આપણે એ વાતની બહુ જાહેરાત નથી કરતાં નહી તો લાઈન લાગે.' પૂ.શ્રીની પાછળ જે પરમશક્તિ કામ કરી રહી છે તેમાં જેને વિશ્વાસ છે એવી જ વ્યક્તિઓ ત્યાં હતી જેથી એ વાતને આનંદપૂર્વક સ્વીકારી લીધી.

સાચે જ સરસ સગવડ મળી ગઈ. ગુજરાતના સરકારી અમલદાર તરીકે શ્રીમોહનલાલના પ્રયત્નથી આ વ્યવસ્થા થઈ ત્યારે પૂ.શ્રીએ કહ્યું કે, 'અમારા મેનેજર તો ઈશ્વર.'

સાંજે રેસ્ટ હાઉસમાં ચોખાની કણકી બનાવી દૂધ સાથે ભોજનમાં લીધી. દૂધ સારુ હતું જેથી પૂ.શ્રીને સંતોષ થઈ ગયો. રાત્રે અડધો કલાકનો સત્સંગ થયો. પૂ.શ્રીએ 'હે જગત્રાતા, વિશ્વ વિધાતા, હે સુખ શાંતિનિકેતન હે' પ્રાર્થના ગવડાવી. આખી પ્રાર્થના સમજાવી અને એ પ્રાર્થના સમજાવતાં પૂ.શ્રીએ કહ્યું કે :

પ્રાર્થના બે પ્રકારની હોય છે. માગણીવાળી ને માગણી વિનાની. કેટલાંક માને કે ભગવાન પાસે જે માગવું હોય તે માગી જ લેવાનું. કેટલાંક માને કે ભગવાન બધું જાણે છે એટલે માગવું નહિ. જીવનો સ્વભાવ જણાવવાનો છે, ભગવાનનો સ્વભાવ જાણવાનો છે. આ પ્રાર્થનામાં પ્રભુના જુદાં જુદાં નામો છે. પણ એમાં માગણી આવી જ જાય છે.

હે જગત્રાતા-હે જગતનું રક્ષણ કરનાર. એમાં જગતનું રક્ષણ કરનારા મારું પણ રક્ષણ કરજો એવો ભાવ આવી જ જાય છે. વળી આપણી જરૂરિયાતો ઓછી એટલું સુખ. અમે એક જ જોડ ચંપલથી ચલાવીએ. એક જોડી સાથે રાખીએ તૂટે તો તરત કામ આવે. અરે ! મૅટ્રીક સુધી ચંપલની જરૂરિયાત જ ન લાગેલી !

વળી હિમાલયમાં તો તેની જરૂર ન લાગેલી.

એક વાત ખાસ યાદ રાખવા જેવી છે કે પ્રભુ જે કરે તેમાં કૃપા જોવી. મોટર બગડી તો પ્રભુકૃપા. ત્યાં જ સરસ છાંયડો મળ્યો તો પ્રભુકૃપા. છોકરાઓની મદદ મળી-કૃપા. ભોજન મળ્યું-કૃપા. સરકારી રેસ્ટ હાઉસમાં જગ્યા ન મળી તો પણ કૃપા. અહીં તો મળી તો કૃપા. કૃપા કૃપા ને કૃપા જોતાં જ શીખો તો જીવનમાં આનંદ આનંદ આનંદ.

સંકલ્પો દુઃખદાયક હોય છે. જેથી કોઈ સંકલ્પ જ ન કરવો. બધુ જ પ્રભુ પર છોડી દેવું. તે જે કરે તે મંગલ જ એમ માની બહુ સંકલ્પો કરવા જ નહિ. હવે કરો વિશ્રામ. સવારે ૬:૩૦ વાગ્યે નીકળવાનું છે.

સૌએ પ્રણામ કરીને વિદાય લીધી. પૂ.શ્રી સાંજના જ્યાં પણ વિશ્રામ હોય ત્યાં પોતાના કપડાં જાતે જ ધોઈને સ્નાન કરીને જ બહાર આવે છે. હસતાં હસતાં પૂ.શ્રી કહે છે, 'મારાથી બહુ જપતપ થતા નથી ને પાછું કપડાં ધોવાનું પુણ્ય કોને આપું ?'

અમદાવાદથી લગભગ ૫૬૭ કિલોમીટરની મુસાફરી કરીને કિસનગઢમાં આરામ કર્યો.

*

**તા.૨૪/૫/૧૯૮૩, મંગળવાર. વૈશાખ સુદ તેરસ, વિ.સં.૨૦૪૦**
**સ્થળ : કિસનગઢથી જયપુર થઈ રાજસ્થાન મોટલ.**

સવારે દૂધ પીધા પછી યાત્રા ચાલુ થઈ. રેસ્ટ હાઉસમાં સગવડો સારી હતી. જયપુર તરફ આગળ ચાલવાનું હતું. માર્ગમાં ગાડી થોડી વાર ઊભી રહી. શ્રીઈશ્વરભાઈએ પૂ.શ્રીને પૂછ્યું, 'આજે સવારે મને પ્રશ્ન થયો કે મહાત્માજીએ સાધના કરવા હિમાલય જ કેમ પસંદ કર્યું ?' પૂ.શ્રીએ પ્રત્યુત્તર પ્રદાન કરતાં કહ્યું કે, 'નાનપણમાં રામતીર્થનાં પુસ્તકો વાંચ્યાં નેં

હિમાલય તરફ જવાની પ્રેરણા થઈ. તેમાં અંદરથી જ સહજ પ્રેરણા થઈ. વળી હિમાલયનું ગૌરવ વધારવાનું હશે જેથી ગુજરાત છોડીને ત્યાં જવાનું થયું, તે સારું જ થયું ને. ગુજરાતના જે મહાન સંતો થયા તેઓ ગુજરાતમાં જ રહ્યા. ગુજરાતનો વ્યાપ એ રીતે હિમાલય સુધી થયો તે પણ સારું જ છે ને ?'

ફરી ગાડીઓ ચાલુ થઈ. જયપુર સાડા આઠે આવી ગયા. સાડા છ થી સાડા આઠ, બે કલાકની યાત્રા થઈ. જયપુરમાં પ્રવેશતાં જ એક ગાઈડ મળી ગયો. જેથી રાણીનો મહૅલ, એક મંદિર વગેરે જોવા ગયા. ત્રણ પહાડોની વચ્ચે તે મહૅલ ૨૭૫ વર્ષ ઉપર બંધાયો હતો. સાથે સુંદર વિશાળ ઉદ્યાન પણ હતો. એ બધું જોવા માટે પૂ.શ્રી હંમેશની જેમ ન આવ્યા. ગાડીમાં જ બેસી રહ્યા. ગાડીને છાંયડે મૂકતાં લાલાજીએ પૂછ્યું, 'બરાબર છે ને ? ફાવશે ને ?' પૂ.શ્રી કહે, 'થોડુંક ફાવે ને થોડુંક ફવડાવીશ. જીવનમાં બધે એવું જ છે.' વળી ગાડીમાં એક વાનર જાણે પૂ.શ્રીનાં દર્શન કરવા જ આવ્યો હોય એવું બન્યું. પૂ.શ્રીએ કહ્યું, 'હનુમાનજી દર્શન કરવા આવ્યા હતા.'

ગાડીઓ અગિયાર વાગ્યે ગુજરાતી સમાજના મકાન પાસે આવી ગઈ, ત્યાં ભોજન ને આરામની તપાસ કરી તો ત્યાંના વ્યવસ્થાપકે કહ્યું કે, 'મહાત્માજીનાં પુસ્તકો તો મેં વાંચ્યાં છે. અમારે ત્યાં પુસ્તકાલયમાં બધાં પુસ્તકો છે. મહાત્માજી માટે વિના મૂલ્યે હું સગવડ કરીશ. અમારા મકાનમાં તેઓ પધરામણી કરે તે પણ ઘણું છે.' એમ કહી તે ભાઈ પૂ.શ્રીને ગાડીમાંથી ઉતારીને અંદર લઈ આવવા માટે બહાર રોડ ઉપર આવ્યા.

પૂ.શ્રી ઊતર્યા. આરામ ને ભોજન કર્યું. સૌએ ભોજન કર્યું. આરામ માટે બધાને વિનામૂલ્યે સગવડ આપી.

લગભગ ત્રણ વાગ્યે ગાડીઓ દિલ્હી તરફ જવા માટે ચાલુ

થનાર હતી. બહાર પાણીની પરબ હતી. અમે સૌ પૂ.શ્રી સાથે બહાર જ ઊભાં હતાં. શ્રીસુશીલાબેને કહ્યું, 'હું પાણી પીવા જ આવતી હતી.' એ સાંભળીને પૂ.શ્રીએ કહ્યું, 'જગત પાણી પીવા આવે છે. સંતો પાણી પાવા માટે આવે છે એટલો ફેર છે.'

સાંજે ગામથી છ કિલોમીટર દૂર રાજસ્થાની મોટલ, જે હાઈ-વે ઉપર જ છે, ત્યાં વિશ્રામ કર્યો. રાત્રે સત્સંગની બેઠકમાં સૌએ ભજનો ગવડાવ્યાં. પૂ.શ્રીએ પણ 'આવો અવસર ફરી ન આવે' ભજન ગવડાવ્યું. વળી 'નિવૃત્તિ જ્ઞાનદેવ'ની ધૂન ગવડાવી. અને આલંદીમાં જ્ઞાનેશ્વરના થયેલા દર્શનની વાતો કરી. વળી બીજી પણ સત્સંગની વાતો થઈ.

આ મોટેલનાં માલિક બેન પણ પૂ.શ્રીનાં દર્શન ને સત્સંગ માટે આવ્યાં. ત્યારે પૂ.શ્રીએ હિન્દીમાં વાતો શરૂ કરી. પૂ.શ્રીએ કહ્યું કે, 'કેટલાક ધનને, કેટલાક વિષયને, કોઈ જમીનને પકડી રાખે છે. બધા જ કંઈક ને કંઈક પકડી રાખે છે. એ પકડવાનું તો સહેલું છે. છોડવાનું ઘણું અઘરું છે. કોઈક જ છોડી શકે, ત્યાગ કરી શકે.'

આ મોટેલની એક ટેકરી ઉપર સુંદર એક નાનકડું મકાન જેમાં પૂ.શ્રીનો વિશ્રામ હતો. ત્યાં સત્સંગ પછી પણ મોટલ માલિકના પુત્ર ને પુત્રવધૂ દર્શન માટે આવ્યાં. તેમની સાથે પણ પૂ.શ્રીએ વાતો કરી. તે બેને કહ્યું કે, 'આપ અહીં થોડા દિવસ રહો. અમને સત્સંગનો લાભ મળે.'

આ સ્થાન ઉતારા માટે ઘણું સારું છે. અહીંથી દિલ્હી હવે નજીક છે. રાત્રે આરામ.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

*

**તા.૨૫/૫/૧૯૮૩, બુધવાર. વૈશાખ સુદ ચૌદસ, વિ.સં.૨૦૪૦**
**સ્થળ : રાજસ્થાની મોટેલથી મુઝફ્ફરનગર રેસ્ટ હાઉસ.**

સવારે ૭.૦૦ વાગ્યે ગાડી ચાલુ થઈ. દિલ્હી ૮.૩૦ વાગ્યે આવી ગયા. જંતરમંતર પાસેથી પસાર થઈને બિરલા મંદિર ગયાં. ત્યાંની ધર્મશાળામાં ભોજન કર્યું. ત્યાંથી જ દિલ્હીના પ્રેમી યજમાન શ્રીકાશીરામજીને ખબર આપી.

બિરલા મંદિરથી રાજઘાટ આવ્યાં. ત્યાં દર્શન કરી સામે ગાંધી મ્યુઝિયમ પણ જોઈ આવ્યાં. પૂ.શ્રીએ તો રાજઘાટની લીલી હરિયાળી ઉપર આરામ જ કર્યો.

કાશીરામજી બે વાગ્યે આવ્યા. તેમની સાથે પૂ.શ્રીએ વાતો કરી. જેમાં સાઉથ આફ્રિકા, મસુરીની, વળી કાશીરામજીને ત્યાં દુર્ગાસપ્તશતીના શુદ્ધ સંસ્કૃત ભાષામાં દિવ્ય રીતે સંભળાયેલા પાઠની તથા નિમકરોલીબાબાની વાતો કરી.

ચાર વાગ્યે ગાડીઓ ચાલુ થઈ અને મુઝફ્ફરનગર સાત વાગ્યે આવી ગયાં. રાત્રે સત્સંગ થયો. જેમાં પૂ.શ્રી સહિત સૌએ ભજનો ગવડાવ્યાં. પૂ.શ્રીએ નીચેનું પદ ગવડાવ્યું.

'મને પિંજર રાખો જી,
તમારા ચરણકમળને પિંજર રાખો જી.'

પછી એક પ્રશ્નના ઉત્તરમાં પૂ.શ્રીએ કહ્યું કે, 'સંતોની સેવા કરવાથી જ કાંઈ પ્રગતિ ન થાય. સવારે જપ, પ્રાર્થના, ધ્યાન કરો. વળી સેવા પણ કરો.' પછી પૂ.શ્રીએ સંસારમાં પતિપત્નીને સત્સંગમાં રસ હોય તો અને બેમાંથી એકને ન હોય તો કેવા વાર્તાલાપ કરે તેનું નાટકીય ઢબે વર્ણન કરાવી સૌને ખૂબ હસાવ્યા. રાત્રે આરામ.

હરિઃૐ, હરિઃૐ, હરિઃૐ

**–શ્રી 'મા' સર્વેશ્વરી**

## ॥ પરમ પ્રેમમયી 'મા'ની 'પ્રેમગીતા'ના વીસ અધ્યાય ॥

(તેર દિવસ ધ્યાન-મૌનના અને સાત દિવસ મિતભાષી 'મા'ના શબ્દોના)

### ॥ અધ્યાય—૧ ॥

સ્વયં પૂજ્ય શ્રી'મા'એ જ પોતાના આગમનની છડી પોકારી ! કિન્તુ અત્યંત શાલીનતા-આભિજાત્ય પૂર્ણ રીતે ! તેઓશ્રીની સરળ-સહજ વિનમ્રતાની અભૂતપૂર્વ પ્રતીતિ કરાવતાં પૂ.શ્રી'મા' લખે છે :

ૐ ૨૦/૪/૨૪

યોગેશ્વરરાય નમઃ સ્વર્ગારોહણ

પરમાત્માની પરમ કૃપાથી રક્ષાયેલા તા.૧૯ સવારે છ વાગે સ્વર્ગારોહણમાં હાજર થયાં છીએ.

પૂ.શ્રી'મા' નવેમ્બરથી વિદેશમાં હતાં એ હકીકત સર્વવિદિત હતી, આજે અહીં હાજર થયાં છે એનું કારણ કેવળ પરમાત્માની કૃપા, પરમ કૃપા એમનું હુકમનામું. એમણે નક્કી કર્યું છે કોણે કયાં જવું-રહેવું. ૧૯૭૦ થી પ્રગટ મુખ્યત્યારનામું જેમને અર્પી દીધું છે. એની મરજી ચાલે છે. એટલે 'અમે હાજર થયાં છીએ' એમ પણ 'મા' નથી કહેતાં, 'અમે'નો છેદ ઊડી ગયો છે. પરમાત્માનું રક્ષાકવચ જેની પાસે છે, એનું સર્વસ્વ-પળેપળનું સંચાલન એ સંભાળે છે. એટલે એમની યોજના પ્રમાણે અહીં ૧૯મીની સવાર (અમારા) હાજર થવાની મુકરર હતી, એ પ્રમાણે થયું.

પ્રભુ તો ભક્તના સંરક્ષણની એની જવાબદારી નિત્ય નિભાવે જ છે. પણ ભક્ત જો ગાફેલ રહે તો એ રક્ષાકવચમાં છિદ્રો પડે છે, ભક્તોની ભીડ, પ્રણામ, પુષ્પમાળાનાં આવરણો

એના ઉપર આવી જતાં, એ મૂળભૂત રક્ષાકવચનું ગૌરવ-ગરિમા ઝંખવાઈ જાય છે. એટલે સ્વધર્મ જીવનો એની સામે રક્ષાવાનો રહે છે. પૂ.શ્રી'મા'એ એ આક્રમણોથી બચવા, સુરક્ષિત રહેવા મૌન ધારણ કરી, વિદેશથી સ્વદેશની યાત્રા કરી, સાચું કહીએ તો 'એ એમ થઈ શકી'; આત્માની રક્ષા પ્રભુ કરે જ કરે પણ અહંકારથી રક્ષાયેલા રહેવા આપણે મૌન ધારણ કરવું પડે. પ્રભુ તો રક્ષા હરેક પ્રકારે પ્રત્યેક જીવની પોતાની આગવી રીતે કરે જ છે. પણ મનુષ્યે કૃતક-રક્ષાઓથી સાવધ રહેવાનું છે. શબ્દ, ઘોંઘાટ, કોલાહલ બહુ ગરબડ કરે છે, તેથી નિઃશબ્દતા-મૌન ઓઢી લેવું સર્વથા ઉચિત છે.

પૂ.શ્રી'મા'ને ઉપદેશ અલગ ભાષણો દ્વારા આપવો નથી પડતો. એમનો બોધ એમના આચારમાં મૂર્ત થાય છે, મન-વચન-કર્મમાં ફલિત થાય છે. એ સૂચનો સંકેતો, ઈશારાથી કામ લે છે.

પ્રભુએ જેને હજારો કિ.મી.ની યાત્રા નિર્વિઘ્ને પૂરી કરાવી સુખરૂપ સ્વસ્થાને પહોંચાડી દીધાં. કેવું અનોખું, અનુપમ એનું રક્ષાકવચ ! એ જેને મળી ગયું એ અન્ય મિથ્યા ચળકાટભર્યા રક્ષાતંત્રમાં કેમ અટવાય ? એક ભરોસો પ્રભુનો પ્રાપ્ત થઈ જાય પછી બીજા બધા કીર્તિના, પ્રચારના મિથ્યા ભરોસામાં મનુષ્ય શા માટે પડે ? એ તમામ બાહ્ય ઉધામાથી બચવા મૌન ઉત્તમ સહાયક બને છે. પોતાનું ગમન જેણે નક્કી કર્યું હતું એની મરજીથી જ પુનરાગમન થયું. આ ઘટનાક્રમમાં પોતાની કોઈ ઈચ્છા-અનિચ્છાને ક્યાંય અવકાશ નથી. એમ સૂચવી પૂ.શ્રી'મા' હંમેશની જેમ સર્વ સમર્થ પ્રભુસત્તાને સહજ મસ્તકે ધારે છે.

ચાર-સાડાચાર મહિનાની દીર્ઘ વિદેશયાત્રા પછી

સ્વર્ગારોહણ પધારેલાં 'મા', એક યુગકાર્ય કરવા પૃથ્વી પર વિહરતાં 'મા' કેટલી સહજતાથી લખી દે છે કે; 'તા.૧૯ સવારે સમૂહ પ્રણામ. પછી છેક સાંજે ૭ પછી સત્સંગની બેઠક, રાતે જપયાત્રા તથા દોડવાનો વ્યાયામ પ્રારંભ પામ્યો છે.' બધું જ પહેલાંની જેમ, યથાવત્ કોઈપણ ફેરફાર વિના ! ગતિ ગમે ત્યાં, ગમે તેટલી પણ સ્થિતિ-સ્વરૂપસ્થિતિમાં હોઈ, 'આત્મસ્થ' રહેવું એ જ એનો સ્વધર્મ ! અને પછી દિવસ દરમ્યાન અહીંનો જ વંદના-બેઠકોનો ક્રમ છે તે ચાલુ જ છે. ગઈકાલે જ્યાં હતા, ત્યાં જ રહી, આગળ સાધનાપથે ચાલવાનું છે, એવું મર્મભર્યું સૂચન કરી દીધું.

નાનકડી પ્રેમસંદેશની ચિઠ્ઠીમાં છેલ્લે લખ્યું; 'શ્રીસૂર્યનારાયણની કૃપાથી <u>સાંજ પછી જ વિશેષ બેઠકો છે.'</u>

આપણને બધાંને 'મા'ની વિદેશયાત્રામાં મહિનાઓથી ઠંડક-શીતળ હવામાનમાં રહ્યા પછી અહીંની ગરમીમાં ખાસ કરીને જ્યારે 'હીટ વેવ'ની આગાહીઓ પર આગાહીઓ થયા કરે છે એવી સ્થિતિમાં અહીં રહેવું. કેટલું વિકટ બનશે એવી સ્વાભાવિક ચિંતાને સંપૂર્ણ રદિયો આપી. કેટલી વિનમ્ર રીતે કુદરતના-પ્રકૃતિના આ રુદ્ર રૂપને સહજ રીતે વધાવી લઈ, એકપણ ફરિયાદના સૂર વિના. શ્રીસૂર્યનારાયણના આ કૃપાપ્રકારને અનુરૂપ આપણે આપણી સાધનાનો ગ્રાફ બદલી કાઢીશું. વિશેષ બેઠકો સાંજ પછી જ રાખીશું. પરિસ્થિતિ તો હોય છે, એના સહજ ક્રમમાં, આપણે મનઃસ્થિતિ બદલી નાખવાની !

પૂ.શ્રી'મા'નું શિર સદા અવનત રહે છે, પ્રકૃતિના હરેક રૂપને સત્કારે છે-પૂરા પ્રેમથી !

પ્રભુપ્રેષિત પ્રત્યેક પરિસ્થિતિનો મૂક સ્વીકાર એ પૂ.શ્રી'મા'નું સહજ શીલ છે. એની પ્રતીતિ આપણને વારંવાર થાય છે.

પૂ.શ્રી'મા'નો બોધ રસાઈને, એમના અસ્તિત્વમાંથી નિષ્પન્ન-પ્રગટ થાય છે.

## ॥ અધ્યાય–૨ ॥

'આપણા સૌના મહાતીર્થ સ્વર્ગારોહણમાં સૌ સાધક ભક્તો પ્રેમથી પધારે છે. સાથે સાથે સૌ પ્રસાદ પણ લાવે છે. સૌનું સ્વાગત છે. પણ આપ સૌને એક નમ્ર પ્રાર્થના છે કે પ્રસાદમાં હાલ સીઝનમાં જે ફળો ઉપલબ્ધ હોય તે જ પ્રસાદમાં લાવવાં. બિસ્કીટ કે અન્ય સામગ્રી પ્રસાદ વિતરણ માટે લાવવી નહિ.'

ભક્તોની લાગણીનો સહેજ પણ નિરાદર કર્યા વિના, પૂર્ણ પ્રેમથી છલકતું સૂચન કરી પૂ.શ્રી'મા' હંમેશની જેમ 'સત્ય બોલો પણ મધુર રીતે !'નો પોતાનો સહજ પ્રેમધર્મ ધારી, અતિ વિનમ્ર વાણીનો પરિચય કરાવી રહે છે.

આરોગ્યપ્રદ પ્રસાદનો મહિમા કરી, 'મા' અધ્યાત્મની સમાંતરે વૈજ્ઞાનિક અભિગમ દર્શાવી, ભાવના અને અભિવ્યક્તિની શાલીનતાનું ગૌરવ સાચવે છે.

## ॥ અધ્યાય–૩ ॥

હવે આવે છે સ્વર્ગારોહણના દર્શનાર્થીઓ માટેના કડક શિસ્ત-અનુશાસનની વાત ! પૂ.શ્રી'મા' સ્પષ્ટ શબ્દોમાં સીધો આદેશ આપતાં લખે છે : 'સ્વર્ગારોહણ'ના નિવાસ દરમ્યાન સ્વર્ગારોહણની નીચેની બેઠકોમાં હાજર રહેવું ફરજિયાત છે;

પ્રભાતવંદના ૭ થી ૮.૩૦

બપોરની બેઠક ૧૧ થી ૧૨.૦૦

બપોરની બેઠક ૪ થી ૫.૦૦

સાંજની બેઠક ૬.૪૫ થી ૭.૪૫

રાત્રિની બેઠક ૮ થી ૯.૩૦

રાત્રિની બેઠક ૧૦ થી ૧૦.૩૦

આ સર્વ બેઠકોમાં વંદના, ધ્યાન, સત્સંગ, પ્રણામ, પારાયણ, વીડિયોદર્શન, વીડિયો પ્રવચન (પરમ પૂજ્ય શ્રી ગુરુદેવ પ્રભુનાં) જપયાત્રા, પ્રણામ, ભજન-કીર્તન, પૂ.શ્રી'મા' રચિત પદોની રસલ્હાણ !

સ્પષ્ટ સૂચન : બેઠકના સમય દરમિયાન કોઈએ રૂમમાં રહેવાનું નથી. તેમ જ કુટિયામાં પ્રણામ, પ્રદક્ષિણા, કે અન્ય સાધના કરવાની નથી. 'જેમને આરોગ્યનો પ્રશ્ન હોય તેમણે નિવાસ માટે પોતાની રીતે બહાર બીજે ઉતરવાની વ્યવસ્થા કરવાની રહેશે.' સાથે ઉમેર્યું કે; 'સ્વર્ગારોહણના વહીવટીય કામ કે બહારના ઈતરકામ ભક્તો તે સિવાયના સમયમાં કરી શકશે.'

## ॥ અધ્યાય–૪ ॥

'મંગળવાર ૭મી મે યાદ રાખી, આપણે સૌ આપણા મતદાનમથકે જઈશું. આપણો કીમતી મત આપી દેશની રક્ષા કરીશું. આઝાદી અમર રાખવા, સુખશાંતિ વધારવા, મુક્ત થવા આપણો પવિત્ર મત સુપાત્ર, સેવક, સૂત્રધારને આપીશું.' દેશ સાથેની નિસબત કેટલી સુંદર સૂચનાત્મક રીતે, પ્રેમથી પૂ.શ્રી'મા' મઢી લે છે !

## ॥ અધ્યાય–૫ ॥

મતદાનની પ્રક્રિયા દેશભરમાં પૂરજોશથી ચાલી રહી છે. તે

આપણા પૂ.શ્રી'મા' 'સ્વર્ગારોહણ'થી ખાસ મતદાન માટે જ અમદાવાદ-તેઓશ્રીના મતમથકે પધારે છે પોતાની પવિત્ર ફરજ બજાવ્યા પછી તરત જ 'ભક્તોને ઉદ્‌બોધન' કરતાં કહે છે :

ૐ

॥ યોગેશ્વરાય નમઃ ॥

'ભારતની લોકશાહીની રક્ષા માટેનો ચૂંટણીનો મહત્ત્વનો કાર્યક્રમ આજે સાંજે પૂર્ણ થશે. આપણે સૌ પણ મતદાન આપીને જન્મભૂમિના ઋણમાંથી મુક્ત થયાં.' એક મહત્ત્વની ભૂમિકા ભજવાઈ ગઈ. હવે એનાથી બંધાયેલા-ગ્રસિત રહેવાને બદલે દેશના નકશાને હાથમાં લઈ બેસી રહેવાને બદલે આપણા 'મૂળ મુકામ' આતમ દેશને પહોંચી જવાનો અવસર !

## ॥ અધ્યાય—૬ ॥

આતમદેશનું સરનામું છે 'સ્વર્ગારોહણ' ત્યાં આવી જઈએ. તો હવે 'સ્વર્ગારોહણનો મંચ સંગીતપ્રેમી, ભજનાનંદી, શ્રદ્ધાળુ સ્વજનોની રાહ જોઈ રહ્યો છે.

૨૦૨૩-૨૪નાં નવાં પદોનો 'હરિરસની હેલી'નો કાર્યક્રમ તા.૯ મી મે ૨૦૨૪, ગુરુવારે સ્વર્ગારોહણમાં ગોઠવ્યો છે. નાનાં-મોટાં જેને આ કાર્યક્રમમાં રસ હોય તે પ્રેમથી પધારજો.'

'યાદ રાખીશું. તા.૯/૫/૨૦૨૪, ગુરુવાર, સાંજે ૪.૦૦ વાગે. સૌ પ્રેમથી પધારજો.' પ્રેમાગ્રહભર્યું નિમંત્રણ નિર્ધારિત કર્યા પછી; છેલ્લે,

'મા' રાહ જોશે.

ૐ

આ ઉદ્‌બોધનમાં 'યાદ રાખશો' એમ નહિ 'યાદ રાખીશું' એમ 'મા' લખે છે, અર્થાત્ ઉત્સુકતા-આનંદ-પ્રેમ પરસ્પર ! દર્શનનો હેતુ : 'પ્રીતિયોગં પરસ્પરમ્'.

'મા' રાહ જોશેમાં સ્પષ્ટ સૂચન 'મા'ને પણ ભક્તોની આરતભરી પ્રતીક્ષા છે. આ મિલનપર્વનો એક ચોક્કસ હેતુ છે. સંગીત, ભજન તો ખરાં જ પરંતુ મોટો મહિમા શ્રદ્ધાનો છે.

'સ્વર્ગારોહણ'માં સ્નેહ અને શ્રદ્ધાની આસપાસ જ સર્વ સાધનો પ્રયોજાય છે, સાધના પરમ આત્માની !

**॥ અધ્યાય–૭ ॥**

છેલ્લે વિશેષ કૃપા કરીને એક બીજા કાર્યક્રમની ભેટ પૂ.શ્રી'મા'એ ગરબા આયોજિત કર્યા છે. તો સૌ ટ્રેડિશનલ ડ્રેસ સાથે જ પધારે. આવા સીધા સૂચન સાથે તા.૭મીની સાંજ ઢળે છે. ૮મી મે એ વિશ્રામ !

તેર દિવસ ધ્યાનના-મૌનના સંક્રમણના અને સાત દિવસ મિતભાષી 'મા'ના શબ્દોના ચૈતન્ય પ્રસારના !

પૂ.શ્રી'મા' સ્ટેજ પર ચઢીને કોઈ દિવસ ઉપદેશ કે બોધ આપતાં નથી. એમનું અસ્તિત્વ, એમની ઉપસ્થિતિ મુખર બની, પ્રેમબોધ પ્રસારે છે, સંવેદનોમાંથી સહજ એ પ્રગટે છે.

'સ્વર્ગારોહણ'માં આવતા પ્રત્યેકની અનુભૂતિ છે કે, પૂ.શ્રી'મા'ની એક કૃપાદૃષ્ટિ કલ્પવૃક્ષનું કામ કરે છે. તેઓશ્રીની 'glance of grace' કૃપાની એકમાત્ર ઝલક જે પામે છે તેની સ્થિતિ વાઘના જડબામાં પકડાયેલ હરણ જેવી બની જાય છે, તેના દુષ્ટ અહંકારની કત્લેઆમ થઈ જાય છે, અને એક પરમ ચૈતન્યની પરમ તત્ત્વ-આત્મતત્ત્વની અવશ્ય અનુભૂતિ થવા પામે છે, એને નિઃશંક પ્રતીતિ થાય છે. શ્રદ્ધા પ્રગટે છે કે આપણે કદી ત્યજાઈશું નહિ.

એ આપણા માટેના સદાના, સર્વ પ્રકારના કલ્યાણનું રક્ષાકવચ બની રહેશે.

બીજી ખાસ વાત તો એ છે કે, પૂ.શ્રી'મા'ની કૃપા અનુભવ્યા

પછી પરમ આનંદની-આત્માની સંનિકટ હોવાની એવી અનુભૂતિ થાય છે કે તેની આગળ દુનિયાનાં સર્વ સુખો નગણ્ય લાગે છે. એ 'શાશ્વત શાંતિ' અનુભવ્યા પછી, શરીર-મનના બધા ઉધામાં શાંત થઈ જાય છે.

પૂજ્યશ્રી'મા'ની કરુણાથી હૃદય એવી સાર્થકતા અનુભવે છે કે, એની સામે દુનિયાની સર્વ સુખાકારી, સુવિધાનાં ઉત્તમોત્તમ સાધનો પણ વ્યર્થ ભાસે છે.

હજારો વર્ષ પહેલાં શ્રીકૃષ્ણે ગોકુળવાસીઓને રક્ષવા પોતાની ટચલી આંગળી પર ગોવર્ધન પર્વત તોળી રાખ્યો હતો. આજે પૂ.શ્રી'મા'ના અપાર અનુગ્રહ કેવળ એક શબ્દ 'કૃપા'ના અવલંબન પર જ આપણે સર્વ હંમેશ માટે રક્ષાયેલાં રહ્યાં છીએ, રહીશું.

પૂજ્યશ્રી'મા' શ્રીકૃષ્ણરૂપે શાશ્વત આનંદની બંસી બજાવતાં હંમેશ માટે સ્થિર થઈ ગયા છે. પણ પ્રભુજીને ખો આપવાની એમની નિરંતર આદત, અને સહજ વિનમ્રતાને કારણે, સૌથી વિશેષ તો ભક્તો માટેના અનન્ય પ્રેમને લીધે અત્યારે વિદેશથી ૧૯ દિવસથી 'સ્વર્ગારોહણ'માં પધારેલાં 'મા' ગીતાજીના પ્રવાહી સ્વરૂપે વહી રહ્યાં છે. શ્રીકૃષ્ણ સ્વરૂપે પરમ પૂજ્ય યોગેશ્વરજી તો 'સ્વર્ગારોહણ'માં સદા વિરાજિત છે જ. એટલે એમના શ્રીમુખેથી જ સ્વયં ગીતાસ્વરૂપે પ્રસરી રહ્યાં છે.

સ્વજનો-સામે યુદ્ધ કરવું કે નહિ ? શ્રીકૃષ્ણે પ્રશ્નનો પ્રત્યુત્તર સીધો આપી દેવાને બદલે બહુ પ્રેમથી, ઊંડી, સૂક્ષ્મ સમજ આપી, એને છેવટે 'યથેચ્છસિ તથા કુરુ' કહ્યું તો સામે નિઃશંક બનેલા અર્જુને પણ 'કરિષ્યે વચનં તવ' કહી, યુદ્ધ આરંભ્યું.

એમ આજે સંસારમાં કેટલાં બધાં તત્ત્વો સામે માણસે સતત ઝઝૂમવું પડે છે, અરે ! પોતાની જાત સાથે પણ કેટકેટલો સંઘર્ષ કરવો પડે છે, પૂજ્યશ્રી'મા' દરેક વખતે નાશવંત બળો સામે

હાર્યા વિના, ડગ્યા વિના પોતાનામાં સ્થિર થવાનું શિખવાડે છે.

'પરથી ખસ, સ્વમાં વસ' પૂજ્યશ્રી'મા'નો આ મહામંત્ર ઢાલ બનીને વિષમ પરિસ્થિતિઓ સામે ઊભો રહી જાય છે !

એક સાચા સંતનું મૌન એની આજુબાજુ ઉપસ્થિત રહેનાર પર જ નહિ, વિશ્વના ખૂણેખૂણા સુધી પોતાનું તેજ પ્રસારે છે.

એ મૌનમાં તેઓશ્રી 'unconcerned' લાગે પણ એમની નિષ્ક્રિયતામાં 'Passivity'માં ભારોભાર કરુણા-પ્રેમ સતત, અનવરત ઝરતાં જ રહે; એનો પ્રભાવ મનુષ્યો પર જ નહિ, પશુ-પંખી, કુદરતનાં સર્વ તત્ત્વો પર એકસરખો પડે.

પૂજ્યશ્રી'મા'નું મૌન ઉકેલાય નહિ તો એની રહસ્યમયતા પર તર્કો દોડાવવાને બદલે એ અત્યંત સામર્થ્યયુક્ત, સર્વ પ્રકારના કિલમિષોને હટાવનારી પવિત્રતા ધરાવતું સૂક્ષ્મ તત્ત્વ છે; એમાં સર્વનું કલ્યાણ નિહિત છે એટલું સમજી લઈએ તો બસ છે.

બધા જ સંતોના જીવનમાં એક સ્થિતિ એવી આવી છે કે બસ. જેટલું લૂંટાવાય એટલું લૂંટાવી લીધું, હવે દરેકે પોતાને બળે, પોતાની રીતે એનો ઉપયોગ કરી લેવાનો.

પંખીઓના બચ્ચાં પણ એકવાર ઉડવાનું શીખી જાય પછી સ્વતંત્ર રીતે પોતાની જોગવાઈ કરી લે છે.

એટલે પૂજ્યશ્રી'મા' પણ હવે એવે મુકામે છે કે, દરેક જણ પોતે જ પોતાનો ગુરુ બને. પોતે જ પોતાનો જીવનરાહ નક્કી કરે. પ્રભુવિમુખ બન્યા વિના પ્રભુને હંમેશ સાથે રાખીને જ પોતાની પ્રવૃત્તિ, નિવૃત્તિ જે કંઈ હોય તેને વધાવી લે. એમ સૂચવી હળવેથી પોતાની 'પ્રેમગીતા'નો સંદેશ પ્રસારી, મૌન રહેવું પસંદ કરે છે, એટલે આપણો ધર્મ આપણા અર્જુનત્વને જગાડવાનો રહે છે.

**—સંકલન**

## ॥ શબ્દકૅમેરામાં ઝિલાયેલી પૂ.શ્રી'મા'ની સુખદ સંનિધિ ॥

તા.૯, મે ૨૦૨૪નાં બપોરે પોણાચાર વાગે 'યોગતીર્થ'ની વંદના બાદ પૂ.શ્રી'મા'નું 'યોગતીર્થ'નાં કૉરિડૉરમાં આગમન ઘણું સુખકારક હતું. કૉરિડૉર સુશોભિત હતું. સૌ સાધક-ભક્તો વ્યવસ્થિત બેસી ગયા હતા. ત્યાં જ મીઠા ભાવવાહી સૂરમાં, વાતાવરણમાં ઠંડક પ્રસરાવતા શબ્દોનો ઉઘાડ થયો–

'ગુરુ માતપિતા ગુરુ સ્વામી સખા,
ગુરુ ચરણોમાં ક્ષમા ભાવે પ્રણામ.'

હા, એ સ્વર હતા શ્રી દેવાંગભાઈના ! આશ્ચર્ય પમાડનારા હતા. સુકૃતિએ પણ પોતાના મધુર મધુર કંઠથી 'મા' ભગવતીની
''મા' સર્વેશ્વરી નમો નમઃ મા જગદંબા નમો નમઃ'
'યુગયુગના અવતાર તમે છો..જગનાં પાલનહાર તમે છો.'
શબ્દોથી સ્તુતિગાન કર્યું. અને પૂ.શ્રી'મા'ની સ્લેટમાં શબ્દબ્રહ્મ સરે છે–

પૂ.શ્રી'મા' : ઘરમાં લગ્ન હોય તો ગામમાં આજુબાજુનાં સૌને તેડીએ, જાણ કરીએ કે લગ્ન છે. એ રીતે જાણ કરીએ; નવમંત્ર બોલી દેવોને 'હે મંત્રમાં નિત્યનિવાસ કરનારાં દેવવૃંદ પધારો અમારે આંગણે.'

આટલી બધી શીતળતામાં સૌને જીવંત રાખવા પધારો. 'પ્રકાશના પંથે' કોણે કોણે વાંચ્યું છે ? આપણે બધાં જાણીએ છીએ કે દેવપ્રયાગની કુટિયામાં એસી.કે કૂલર કે પંખા ન હતા. આ તો બીજા જન્મે આપણે તપ કરવા જવું હોય તો આ તાલીમ છે. એક સરોડાનો નાનકડો બાળ હિમાલયમાં પલાંઠી વાળીને

જગમંચે એ જાણીતો થઈ ગયો. તપના બળે ! આપણે પણ તેવા જાણીતા થવું હશે તો આજથી પ્રેક્ટિસ કરી લો. એવું ના માનશો કે રથી કે જતનનું જ રિઝલ્ટ આવ્યું છે. આપણાં બધાંનું રિઝલ્ટ આવ્યું છે. ચાલુ દિવસે ગૃહત્યાગ કરીને આવવું તે Ph.D.ની પરીક્ષા હતી. આજે બધા $A^+$ લઈ આવ્યા.

તમે બધાં પાસ થઈ ગયાં. ને ઘરમાં રહ્યાં તે સંસારી મોજમાં મસ્ત બની ગયાં. અમને પ્રભુએ જ સૂઝાડ્યું કે અચાનક 'હરિરસની હેલી'ને ઘણા જન્મો થઈ ગયા. અને આજે આ દેવાંગકુમારનો જન્મદિવસ છે ને 'સ્વર્ગારોહણ'માં હાજર છે તો પછી પ્રભુએ એવું સૂઝાડ્યું કે કરો 'હરિરસની હેલી !'

એમ પણ પદ્માસન એક કલાક ખૂબ ભારે લાગે પણ ભજનની પલાંઠી ત્રણ-ચાર કલાક સહજ લાગે. મૂળ સ્વભાવ જીવનો ભજનનો હોય તે ભજનાનંદમાં ખોવાઈ જાય. આજે તો વિદ્યાર્થીઓ પ્રસન્ન થઈને સફળતાના આનંદમાં ખોવાઈ ગયા.

અમને યાદ આવે છે, બી.એ.નું અમારું રિઝલ્ટ હતું ને કર્પૂરવનમાં હતાં. ત્યારે તો વર્તમાનપત્રમાં નંબર સાથે આવતું. અમારો નંબર તો વાંચ્યો કે પાસ થઈ ગયાં. પણ બપોરે એક ટેલિગ્રામ આવ્યો; 'હે સરોજ, તને ગોલ્ડ મૅડલ મળ્યો છે' 'મા' એ સમાચાર સ્વીકારી શકતાં જ ન હતાં મારા જેવાને વળી ગોલ્ડ મૅડલ કોણ આપે ?

બા-બાપુજીને કહ્યું; 'મારે સૂરત જવું પડશે. પાકું કરવા માટે.' અને પહોંચ્યાં સૂરત ! તો પણ મન ના માને. પહોંચ્યાં કૉલેજમાં તો કૉલેજના નોટિસ બોર્ડ પર લખેલું હતું કે 'સરોજબેનને ગોલ્ડમૅડલ મળ્યો છે. તો પણ ના માને. તો પ્રિન્સિપાલની કૅબિનમાં ગયાં. ત્યારે જ સાચું માન્યું કે અમને જ

મળ્યો છે. એનો આનંદ અદ્ભુત હતો. અમને કેમ ગોલ્ડમૅડલ મળ્યો હશે ?' કારણ અમારી સખી પ્રજ્ઞાને એક એવી ટેવ હતી કે 'સરોજ, તું મોટેથી વાંચ તો જ મને યાદ રહે.' (ને હું સાંભળું) એટલે એ સખી સવારે ઘરેથી આઠ વાગે હૉસ્ટેલમાં આવી જાય. ને સતત સરોજબેન વાંચે ને સમજાવે. એટલે પાકું થઈ ગયું. એટલે ગોલ્ડમૅડલમાં ખરેખર તો ૫૦% યશ એને જાય છે.

આજે રથીભાઈ ને જતનભાઈ પણ પ્રસન્ન ! રથી ને જતનની ખુશીમાં અમે પણ સૌ ખુશ છીએ. એટલે નિત્યભાઈ શંખનાદ કરશે. અમે ત્રણ મંત્રગાન સાથે એ બાળકોને અહીં વધાવીશું. [ૐ મા રક્ષમામ્ શ્રીમા રક્ષમામ્‌ની ધૂન તેમજ મંત્રગાન સાથે પૂ.શ્રી'મા' તે બાળકોને રક્ષમામ્‌ની શાલ ઓઢાડે છે.]

તો આપણી નમ્રતાબહેન પણ એક ડિગ્રી લઈ આવ્યાં છે. [પૂ.શ્રી'મા' તેને પણ ત્રણ મંત્રગાન સાથે શાલ ઓઢાડે છે.] નિત્યભાઈ ત્રણ મંત્રગાન ચાલે ત્યાં સુધી સતત શંખ વગાડે છે તેવું દેવાંગભાઈ કહે છે તો પૂ.શ્રી'મા' લખે છે કે આપણાં બધાં વતી એને દેવપ્રયાગ મૂકવો પડશે. પ્રાણાયામ આટલા સરસ કરે છે. પૂ.શ્રી'મા' આગળ કહે છે—હવે તમે બધા આ શીતળતા પામવા પધાર્યાં તો મનથી તમને પણ રક્ષમામ્‌ની શાલ અર્પણ થઈ છે, તેમ માની લો.

વિશેષતાને વંદન. આ વર્ષે વ્રતિભાઈએ પણ એક સરસ ડિગ્રી લીધી (C.S.ની) બોરિવલી, મુંબઈથી એની શ્રદ્ધા દરેક રિઝલ્ટ વખતે કુટિયામાં તેને લાવે ત્યાં જ તે રિઝલ્ટ ખોલે. <u>જેવી જેની શ્રદ્ધા તેવું તેનું ફળ પરમાત્મા તરફથી મળતું જ રહે છે.</u>

આજે હરિરસની હેલીનો કાર્યક્રમ કરવો છે કે ચાલશે ? શ્રી સત્યનારાયણની કથામાં આરતી વખતે શીરો લેવા આવે ને શીરો લઈને ચાલવા માંડે. તમારે હવે તનનો પ્રસાદ જોઈએ કે મનનો ? એ નક્કી કરો.

હે મા, બન્ને પ્રસાદ હોય તો જ જીવાય. તે તમે કેમ ભૂલી જાવ છો ? (હાસ્ય)

આપણે હવે શ્રીહરિની શબ્દયાત્રામાં એક દિવસ વાંચીએ તે પછી પદો..શ્રી દેવાંગભાઈ વાંચે છે—[તા.૧૫/૧૧/૨૦૨૩ નોર્થબર્ગન ન્યૂજર્સી, ભાઈબીજ. પ.પૂ.માતાજી પૃથ્વી પર પ્રગટ્યાં. સમાજને એક સંત વિભૂતિ ધરવાનું સૌભાગ્ય જેને મળ્યું તે જ્યોતિર્મયી માતાનાં ચરણોમાં પ્રણામ.] ૩૩૬ માળા રોજ સવારે 'મા'ને પૂર્ણ થઈ જાય છે. <u>પ્રાર્થના અને જપના સાધનથી વિશેષ કૃપા મેળવી શકાય છે.</u> પૂ.શ્રી'મા' કહે છે. બ્રશ કરતાં હોઈએ કે સ્નાન કરતાં હોઈએ તો પણ પ્રાર્થના સતત મન અંતરે ચાલુ જ રહે છે. દરેક ક્રિયામાં પ્રાર્થના પથરાઈ ગઈ છે. વણાઈ ગઈ છે.

<u>મોટી ઉંમરે દોસ્તી બને તો તૂટતી નથી ટકી જાય છે.</u> પૂ.શ્રી'મા'નાં ૯ સ્વજનો—પ્રણામ, પ્રાર્થના, પદ્માસન, મંત્રજપ, ચાલભાઈ, દોડભાઈ, લેખન, વાચન અને પોતે જ પોતાને મળવાવાળા સ્વજન (તું તને મળ). 'મા' પૂછે છે—આ શબ્દયાત્રામાં રસ પડે છે કે પછી બંધ રાખીએ ? (હા, રસ પડે છે.) તરસ લાગી છે ને તો હવે સુકૃતિબહેન, રથીભાઈ, નિલેશભાઈ, મયૂરીબહેન વારાફરતી હરિરસ પીવડાવશે.

સુકૃતિ—'હરિ હળવે હળવે આવે છે...

રથી—'તમે સૃષ્ટિનાં સર્જનહાર રે
મમતાળું અમારી માત.'

નિલેશભાઈ—'હરિ આવે તો મને કહેજો રે
તેડીને લાવું.
મારે આંગણે એને ઉતારું રે તેડીને લાવું.'

મયૂરી—'હે મા જીવનપંથે પધારો,
મુજને દર્શનનું સુખ આપો.'

વગેરે પૂ.શ્રી'મા' રચિત પદો ગવાય છે. અંતરે આનંદની હેલી છે. ત્યાં પૂ.શ્રી'મા' એવું સૂચન કરે છે કે <u>દરેક વિષયને મંત્રથી સજાવી લેવો.</u> એક પદ ગાવું એટલે મંત્રગાન કરીને દેવને હાજર કરો. (ૐ યોગેશ્વરાય નમઃ, ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ)

શ્રી દેવાંગભાઈ ફ્લોરિડા યાત્રા ૨૦૨૪ દરમિયાન રચાયેલું પૂ.શ્રી'મા'નું પદ રજૂ કરે છે.

'જેવો હું છું તેવો હું સ્વીકારી લેજે તું,
અંધારે ઘેર્યો છું ઝળહળ કરી દેજે તું.'

પૂ.શ્રી'મા'—ગાતાં પહેલાં હવે આ રંગ જામ્યો જ છે તો એક કામ કરીએ બધાં પદ્માસન વાળવા પ્રયત્ન કરો. એકની તો દોસ્તી ગાતાં ગાતાં બાંધો. (છમાં ૧૦ મિનિટ છે. પદ્માસન શરૂ કર્યું છે.)

સુકૃતિ—'પાર કરો પેલે પાર કરો. પ્રણામ સ્વીકારી પેલેપાર કરો
કાયા ઝુકાવો ને માયા ઝુકાવો
છાયા તમારી સંપૂર્ણ ધરો.'

રથી—'હું તો રમકડું રે યોગેશ્વર નાથનું
ગુરુ કૃપાનું આ છે રમકડું,
રમાડે તો એ રમી રે' નારું
એણે સોંપ્યું છે જીવન ન્યારું...રમકડું'

પૂ.શ્રી'મા'—અમારી હિમાલય યાત્રાના પેલો કોર્બેટપાર્કની યાદ આવે છે. એવાં સ્થળોમાં ૭ દિવસની ભજન સંધ્યા કરવી જોઈએ. દેવાંગભાઈ કહે છે, 'મા' કરવી જ જોઈએ ને કરવી જ જોઈએ.

'મા'—હવે થાક્યા ? હજી ગાવું છે ? કે ખાવું છે કે પરસેવે ન્હાવું છે ?

ઍરપૉર્ટ ઉપર બોર્ડિંગ પાસની પાછળ 'મા'થી પદ લખાયું. (પાસે લખવાની અન્ય કોઈ સામગ્રી હતી નહીં તેથી.) તે સુકૃતિ પોતાનાં મધુર કંઠે ગાય છે.

'જીવનપત્રિકા સૌને આપી,
વિવેકશક્તિ સાથે આપી.
કોઈકે કોરી તો આડી અવળી
લીટી દોરીને ક્યાં બગાડી'

રથી—'અમે તો આપનાં જ હતાં
છીએ ને રહીશું સદા.
તમોએ પ્રેમથી શોધ્યાં
શ્રી ચરણોમાં અમે વળગ્યાં.'

પૂ.શ્રી'મા' કહે—મારી આગળ ચાલે છે કયાં છે ? દેખાય છે ? તો, દેવાંગભાઈ ગાય છે—

'મારી પાછળ પગલાં ભરતા
મારી આગળ છત્ર એ ધરતા
મને ઊંચકી લઈએ ફરતા રે
દોડીને આવે...'

સુકૃતિ—'મારી આગળ ચાલે, મારી પાછળ ફરે,
વિવિધ રૂપ સ્વીકારીને એ વીંટળાતો રહે.'

પૂ.'મા'—બાળક હોય તે 'મા'નાં પાલવે વીંટળાતો રહેને !
હવે ધરાઈ ગયાં ?

દેવાંગભાઈ—'અમૃતનાં ઓડકાર શાને સખી રે,
સ્વાદને વીરલા માણે રે...'

પૂ.'મા'—હવે આ સંગીતપ્રેમી શ્રદ્ધાળુ ટોળકીમાં શ્રીતરલાબહેન છાનાંમાનાં મૌન બનીને છેક સંતાઈને બેઠાં છે. આપણે તો એમને શોધી જ કાઢીએને ? અરે ! પેલું પદ્માસન I.C.U.માં કેમ છે ?

શ્રીતરલાબહેન પોતાનું વક્તવ્ય આપતાં કહે છે— 'કુમારસંભવમ્'માં કાલિદાસ કહે છે : 'શૈભાધિરાજતનયા ન યયૌ ન તસ્થૌ' અર્થાત્ 'પાર્વતી ઊભાં પણ ન રહ્યાં અને ગયાં પણ નહિ.' એમ 'મા' પણ હવે સ્વર્ગારોહણમાં આપણી વચ્ચે છે પણ ખરાં અને નથી પણ ખરાં. કેમકે તેઓશ્રી હવે આઠે પ્રહર નિજાનંદની મસ્તીમાં રહે છે, પોતાની આગવી રીતે પસંદ કરેલા પ્રાર્થના, પ્રણામ વગેરે સ્વજનોની સાથે જ આઠે પ્રહર રહેવા ઇચ્છે છે.

પૂ.શ્રી'મા'—હવે કમર પર હાથ મૂકી દોડવા માટે સજ્જ. આ અમારાં મિત્ર પદ્માસનકુમાર. એક કલાક ને પચીસ મિનિટથી મળી રહ્યા છે. હવે એક હાકલ પડી છે. રાજકોટના અજયભાઈ છે કે સલામી ભરી ગયા ? 'મા' ભોમની હાકલ પડી છે હવે તો ઊઠવું જ પડશે. હવે વિદેશવાળા કેન્સલ.

'હસતાં હસતાં ખસતા રહેજો,
જીવનમંત્ર એ જપતા રહેજો.'

[પૂ.શ્રી'મા'ની રમૂજ કરવાની રીત ન્યારી છે ! હવે દેવાંગભાઈને સ્થાને અજયભાઈએ પૂ.શ્રી'મા'ની સ્લેટ

વાંચવાની છે એ વાત કેવી ટીખળ સાથે જણાવે છે !]

પૂ.શ્રી'મા':—આપણે વર્ષો પહેલાં આનંદયાત્રા કરેલી, પદયાત્રા કરેલી તે પછી બહેનોની સંનિધિયાત્રા થઈ. અરે ! 'મા'ને સલામી ભરીને ગંગોત્રીની પદયાત્રા કરી આવ્યાં. ને હમણાં હમણાં મહાકાલેશ્વરની યાત્રા પણ કરી. આ 'મા' બિચારાં ૮૦ના થયાં. એટલે કોઈ પદયાત્રા કે મહાકાલેશ્વરની યાત્રામાં ના લઈ ગયા ! પણ હવે અમે 'એ કાળના પણ કાળ'ની લીલાસ્થલિ પર યાત્રા કરવાનાં છીએ.

ઘણાં સમયથી મનઅંતરે એક યાત્રા રાસ રમી રહી છે. 'વંદનયાત્રા' તેનું નામ. ભારત આપણી જન્મભૂમિ છે. એનો ઋણાનુબંધ અનંત જન્મોથી હશે.

'ભરતખંડ ભૂતળમાં જનમી ગોવિંદના ગુણ ગાવા રે..
ધન ધન રે એનાં માતપિતાને સફળ કરી એણે કાયા રે..'

ભારત ભૂમિ આપણી દેવભૂમિ. એ દેવભૂમિ માટે જે જે કાયા ઘસે તેને તેને વંદન.

ભારતની સરહદે એવા હજારો સૉડ તાણીને સૂતા છે જેમણે ભારત માટે જીવન સમર્પિત કર્યું છે. તે કારગીલની ધરતી પર જઈને તે તે સૈનિકોને વંદન કરવા જોઈએ. એવા ભાવજગત સાથે એક વંદનયાત્રા કારગીલ ભૂમિની વિચારી છે. કારગીલની એ ઐતિહાસિક ધરતીનાં કોણે કોણે દર્શન કર્યાં છે ? આપણી ફરજ છે ત્યાં જઈને સૈનિકોનાં એ સ્મારકને પ્રણામ કરવાની. યાત્રા ૭/૮/૧૦ દિવસની હશે. દૂર દૂર સરહદ પાર પહોંચવાનું છે. આર્થિક રીતે તે ખૂબ મોંઘી છે. ૧૧૦૦૦/૧૨૦૦૦ ફૂટની ઊંચાઈ પર જવાનું છે. એટલે આરોગ્ય પણ સંપૂર્ણ સ્વસ્થ જોઈએ. તો લક્ષ્મીજીની કૃપા પણ જોઈએ. તો જ યાત્રા થઈ શકે.

'મા' ત્યાં માત્ર ને માત્ર વંદન કરવા જવાનાં છે. કોને કોને આવવું છે ?

આ વંદનયાત્રાની વાત કરવા જ તમને રૂબરૂ તેડ્યાં. ઘરે લગ્ન લીધાં હોય ત્યારે જેમ પોતાનાં સ્વજનને તેડે તેમ તમને આને માટે જ ખાસ તેડ્યાં છે. જુલાઈમાં યાત્રા થાય તેવો ત્યાંનો નિયમ છે. ખર્ચ વ્યક્તિગત ખૂબ ભારે છે. એટલે પણ મનથી યાત્રા પણ થાય. ધન સાથ ના આપે તો મનથી યાત્રા થાય. પણ એકવાર એવી વંદનયાત્રા કરવા જેવી છે એવું પૂ.'મા'ને સતત લાગ્યા કરે છે. આ તો તમે બધાં ઘરનાં એટલે 'સ્વર્ગારોહણ' તેડી શાંતિથી આ યાત્રાની વાત કરી. ભારતની રક્ષા માટે જે જે પ્રાણ પાથરે તે તે આપણા માટે વંદનીય છે.

હવે બીજી વાત. આ સુકૃતિબહેન કોઈ ધન્ય ક્ષણે રૂચિતભાઈને શોધીને મળ્યાં છે. એ ભક્ત દંપતીએ દ્રઢ નિર્ણય કર્યો કે 'સ્વર્ગારોહણ'ને રાતદિન જાગતું રાખવું. ગરબે ઘૂમતું રાખવું. રાસ રમતું રાખવું. એવા દ્રઢ નિર્ધાર સાથે પરમાત્માએ પણ એમના પગલામાં પગલું ભર્યું છે. એક ગરબાની નવી પ્રસાદી લઈને આ ભક્ત દંપતી આવી રહ્યાં છે. અમારાં રથીભાઈ, કૃપાબહેન, કૃતિબહેન, પૂર્ણિમાબહેન પડદા પાછળનાં કલાકાર છે. પણ આ રૂચિતભાઈ ના હોત તો ? ગરબાનો આ નવો પ્રસાદ ના મળત. આજે એ ગરબાનાં નવા પ્રસાદ સાથે 'સ્વર્ગારોહણ'ને જાગતું રાખવાનાં છે. [તમે બધાં કહો છો કે ભૂખ તો નથી લાગી પણ ઘંટ વાગતાં જ પંગતમાં બેસી જશો પણ તે પહેલાં આજના નવા મહારાજ કૌશિકમહારાજને પૂછી લેજો જમવાનું છે કે ? (સ્વર્ગારોહણનાં કાયમી મહારાજ આજે રજા ઉપર છે.)]

જમીને ગરબા કરવા છે કે ભૂખ્યા પેટે ? નથી કરવા ગરબા ? જમવાનું ના થયું હોય તો વૈદરાજની સલાહ મુજબ ભૂખ્યા પેટે ગરબા થાય. [વાસ્તવિકતા જાણીને પછી રાજુકાકા નિર્ણય લેશે. હે મા ! હવે તો જેલમાંથી છોડો.] અહીં કાર્યક્રમ છે તો વિવિધ જાતના પ્રસાદ સૌ તમારા માટે લાવ્યા છે. છ જાતના પ્રસાદ છે ખાવાના. અને એક પ્રસાદ છે પ્રભુ માટે આસનનો. આજે શ્રી દેવાંગભાઈનો જન્મદિવસ છે. તો તેમના તરફથી દેવનું આસન. પરિવાર દીઠ એક લેવાનું છે. ખાવાનો પ્રસાદ બધાંને મળવાનો છે. દેવોના દેવને આસનનો પ્રસાદ પરિવાર દીઠ એકને.

અમે ચાર વાગ્યાનો કાર્યક્રમનો સમય આપ્યો હતો પણ ચારથી ક્યાં સુધી તે જણાવ્યું ન હતું. અમે એવી કલ્પના કરતાં હતાં કે સાંજના ચારથી મળસ્કાના ચાર સુધી કાર્યક્રમ ચાલશે. પણ અકાળે બધાં આઉટ થઈ ગયાં. કોઈએ ગરબા વિશે પૂછ્યું તો કોઈ જ ના બોલ્યા. એટલે 'મા' સમજીને હવે સમેટી રહ્યાં છે. આવી એક સત્સંગ બેઠકમાં નાનકડાં નિષ્ઠાબહેનને લારી પર બેઠાં બેઠાં 'સ્વર્ગારોહણ'માં વધાવેલાં તે નકામું ગયું નથી. હવે થોડા જ વખતમાં ખૂબ મોટી ના ઊંચકાય તેવી મોટી ભારે ડિગ્રી લાવવાનાં છે.

આજના પ્રસાદના દાનવીરો છે નામ સાંભળો વસ્તુ ના સાંભળતાં. શ્રીચેતનાબહેન, શ્રીમયૂરીબહેન, શ્રીદર્શનભાઈ, શ્રીરીટાબહેન, શ્રીરાજેશ્રીબહેન અને શ્રીદેવાંગભાઈ આ છ જણનો પ્રસાદ છે.

તમે કલ્પના કરીને આવ્યા હશો તે કલ્પના હરિરસની તૃપ્તિ થઈ કે ? ધરાઈ ગયાં ? 'ના. આ તો આચમન હતું.'

આજે તો દેવાંગભાઈ આઈસ્ક્રીમનો વિશેષ પ્રસાદ પણ

આપવાના છે. શ્રીદેવાંગભાઈ તરફથી ૨/૩ પ્રસાદ મળશે. ગરબા પહેલાં તે વિદાય વેળાએ આઈસ્ક્રીમ બે વાર !

બાળકો પણ પ્રેમથી બેઠાં (બેઠકમાં) વૃદ્ધો પણ ખુરશી પર ઝોકાં ખાતાં બેઠાં. ને સ્વર્ગારોહણનું યુવાધન તો મહાકાલેશ્વરને બાથ ભરવા આગળ જ અર્ધ પદ્માસનમાં બેસી ગયું ! એ સૌનો આભાર ! સૌને ગોલ્ડમૅડલ મળે છે—આસનસિદ્ધિનો. બધાં જ બેઠાં ! <u>તમે સૌએ સાબિત કરી આપ્યું હે મા, અમે પણ તમને પ્રેમ કરીએ છીએ.</u> વધ્યો ઘટ્યો પ્રેમ આપવા અમે પણ દોડતાં હાજર થયાં છીએ. તે તે સૌને અભિનંદન. અરે, આ હૉલ શણગાર્યો, પડદા લટકાવ્યા, માઈકમેન બનીને આ રાજીવભાઈનો પણ આભાર. અમારાં દીપુબહેન પણ દોડાદોડ કરતાં રહ્યાં. શ્રીકૌશિકભાઈએ પણ ઊભાં ઊભાં આખો કારભાર સંભાળ્યો. છત્રપતિ શિવાજી મહારાજ આજે રજા પર ઉતર્યાં તેમનો પણ આભાર. (પૂ.શ્રી'મા' સ્વર્ગારોહણના મહારાજ છત્રાજીને છત્રપતિ કહે છે.)

હવે નવમંત્ર ને પ્રસાદની થેલી લઈને જેલમાંથી છૂટીએ ?

અમે આજે માત્ર સવારે એક જ ગ્લાસ પાણી લઈને આ સૂર્યનારાયણને વધાવી રહ્યાં છીએ. આ ઉનાળામાં પણ પરમાત્મા આ દેહને કેવો સંભાળી રહ્યો છે !

નવમંત્રગાનથી કાર્યક્રમ પૂર્ણ થાય છે. સૌ કોઈ સંતદર્શનની લોબીમાંથી પસાર થઈ પ્રસાદ મેળવી નીચે ઊતરે છે. પૂ.શ્રી'મા' થોડીવાર હજી પોતાની બેઠક પર વિરાજિત છે. ને અતિ ઉત્સાહી રથીભાઈ પૂ.શ્રી'મા' રચિત બે પદોનું મસ્તીથી ગાન કરે છે. તેના હૃદયનાં ભાવો તેમનાં ગાનમાં પ્રસરી રહ્યાં છે.

● 'ગુરુ હાથે ઘાટ ઘડે તો, વાળે તેમ વળી જઈએ.
કસોટીને પ્રસાદી માની, વધાવતાં શીખી જઈએ.
અમે તો ગુરુના ઘરમાં રમીએ.'

● 'સગપણ શ્રી વરનું સાચું રે, બીજું બધું દુનિયાનું કાચું રે.'

ભોજન પ્રસાદ બાદ આઈસ્ક્રીમ અને ગરબાનું આયોજન છે. પૂ.શ્રી'મા' ગરબાની શરૂઆતમાં ફરીથી પધારે છે ને કહે છે રંગમાં ભંગ પાડવા 'મા' નથી આવ્યાં. પણ એક સરસ વાત એક ગ્રંથમાં વાંચી હતી તે સાંભળો.

શ્રી ભગવદ્લીલાનો ૧૯૯૮નો લેખ ઘણા વખતે વંચાતો હતો. શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીશિવ, શ્રીશક્તિ, શ્રીગણેશની વિવિધ લીલાઓનો આ ગ્રંથ છે.

આ ગ્રંથમાંથી અયોધ્યાનું મહાત્મ્ય પ્રગટ કરતાં એક પ્રસંગનું વાર્તારૂપે વર્ણન છે, તેનું વાચન થાય છે. અયોધ્યામાં રામ-લક્ષ્મણ, યાત્રા, મુહૂર્ત સાચવવા જાગતા રહેવું, સરયૂ નદી, તેનું મહત્ત્વ, પૃથ્વી પરનાં ઉત્તમ તીર્થો રાજા-મહારાજાના સ્વરૂપે સરયૂમાં સ્નાન કરી આકાશમાર્ગે મૌન રહી જઈ રહ્યા છે ! પૃથ્વી પરની પવિત્ર નદીઓ પણ માતૃરૂપ ધારી સરયૂમાં દરરોજ સ્નાન કરવા આવે છે, વિકરાળ રૂપધારી દેવપુરુષ પ્રયાગરાજ પણ પોતે શુદ્ધ થવા સરયૂમાં સ્નાન કરે છે, લક્ષ્મણજીને રામનાં સ્મિતનું રહસ્ય સમજાઈ જાય છે, શ્રીરામ દ્વારા મૌન રહીને સ્મિત દ્વારા અયોધ્યા અને સરયૂનું મહાત્મ્ય સમજાવવું અને અંતે લક્ષ્મણજીને રામજી પૂછે છે તમે જ નક્કી કરો તીર્થયાત્રાએ જવું કે કેમ ? છેલ્લે લક્ષ્મણજી શ્રીરામના ચરણોમાં પ્રણામ કરી કહે છે સૌ કોઈ તીર્થો, નદીઓ અહીં દર્શન-સ્નાન માટે આવે છે તો

મારે હવે ક્યાંય યાત્રામાં જવું નથી.

પૂ.શ્રી'મા' બહુ સૂચક રીતે 'સ્વર્ગારોહણ'ના મહાત્મ્યને ભક્તો પાસે પ્રગટ કરે છે. ને રથીને પૂછે છે રથીભાઈ શું સમજાયું ? રથી કહે છે—'સ્વર્ગારોહણ છે રૂડું વૈકુંઠ નહિ રે જાઉં.'

પૂ.શ્રી'મા'—આ પક્ષીઓ ન જાણે કેવાં કોનાં રૂપ લઈને આવતાં હશે ? પક્ષીઓની હાશ વર્ષોથી 'સ્વર્ગારોહણ'ને મળી છે. પૂ.શ્રીનાં પુનિત ચરણારવિંદ અહીં અંકિત થયાં છે. તો એ ચરણરજને શોધવા પણ આ તીર્થનું દર્શન અને સેવન જરૂરી છે.

હવે ગરબે એવાં ઘૂમો ને ભૂખ એવી જગાડો કે મનુભાઈનો આઈસ્ક્રીમ સ્ટોલ અહીં મંગાવો પડે. આજ આટલી વાત કરવા 'મા' અહીં નીચે ઊતર્યાં. ''મા' પાછા તેડે કે ના તેડે બધા હકથી દોડતા આવજો.' કહી પૂ.શ્રી'મા' પ્રસ્થાન કરે છે.

પછી ગરબા શરૂ થાય છે. 'પરમ શક્તિનો જય જયકાર રે ગુરુકૃપાનો જય જયકાર રે...' શ્રી રૂચિતભાઈ ભારે મહેનત તેમજ શ્રદ્ધાભક્તિપૂર્ણ હૃદયે ખૂબ જ ભાવથી ૪૫ મિનિટનો પૂ.શ્રી'મા'નાં સ્વરચિત પદોનો જે ટ્રેક બનાવ્યો છે. તેના તાલે સૌ સાધકભક્તો મસ્ત બની ગરબે ઘૂમી રહ્યાં છે. અને પૂ.શ્રી'મા'ની પ્રસન્નતા અને આશિષ પામી ધન્યતા અનુભવતા કર્મયોગની આગળની નિર્ધારિત કૂચ માટે તૈયાર થાય છે. સર્વભક્તો 'સ્વર્ગારોહણ'થી વિદાય લે છે, પરંતુ પૂ.શ્રી'મા'ની સુખદ સંનિધિનું સુખ પોતાની ઝોળીમાં ભરીને જાય છે.

**—સંકલન**

# ॥ જીવનનું ધ્યેય ॥

**પ્રશ્ન :** જીવનનું સર્વોત્તમ ધ્યેય શું ?

**ઉત્તર :** ઈશ્વરને માટેના પરમ પ્રેમની પ્રાપ્તિ ને તે દ્વારા ઈશ્વરના દિવ્ય રૂપનું દર્શન એ જ માનવ ને તેમાંયે સાધકના જીવનનું સર્વોત્તમ ધ્યેય છે. આ ધ્યેયની સદાયે સ્મૃતિ રાખી તેની પૂર્તિ માટે પુરુષાર્થ કરવામાં જ સાધકનો આનંદ ને સાધનાની સફળતાનો મર્મ સમાયેલો છે. આ વાત જીવનની પ્રત્યેક ક્ષણે યાદ રહે તે જરૂરી છે. તેથી સંસારનાં પ્રલોભન તેમજ વિરોધી વાતાવરણ વચ્ચે માનવ સુરક્ષિત રહેશે ને જીવનને સાચી વિકાસદશામાં વાળવા કટિબદ્ધ બનશે. પણ એનો અર્થ એમ નથી કે જીવનના વિકાસધ્યેયની યાદમાં જ સાધકનું સર્વસ્વ સમાઈ જાય છે. ધ્યેયની સ્મૃતિ એક ઉત્તમ વસ્તુ છે. પણ તેટલાથી જ કાંઈ અંતિમ હેતુ સરશે નહિ. ધ્યેયને પરિપૂર્ણ કરવાના પ્રયાસનું મહત્ત્વ સૌથી વિશેષ છે. ને સાધકે તેને જીવનમાં ઉતારવા સતત પુરુષાર્થ કરવો જોઈએ. ધ્યેયની સતત સ્મૃતિ ને તે સાથે અનવરત પુરુષાર્થ જીવનની સાધનાત્મક સફલતાના મહત્ત્વના મુદ્દા છે.

**પ્રશ્ન :** એ ધ્યેયની સિદ્ધિમાં શાસ્ત્રાધ્યનની આવશ્યકતા કેટલી ?

**ઉત્તર :** શાસ્ત્રોના અધ્યયનની આવશ્યકતા છે ખરી, પણ મર્યાદિત રૂપમાં, ને ખરી આવશ્યકતા તો અનુભૂતિ કે પ્રત્યક્ષ અનુભવની છે, એ વાત સાધકે સદાય યાદ રાખવી જોઈએ. આ વાત યાદ રહેવાથી અનુભવનો આનંદ લેવા માટે સાધકનું દિલ સદાય તલસ્યા કરશે. ને પૂર્ણ અનુભવ મેળવીને જ સાધક અટકશે. તે સમજશે કે ઘણું જાણવું, ઘણાનું ચિંતન કે મનન

કરવું એ જ કાંઈ જીવનનું ધ્યેય નથી. જે જાણવામાં કે મનન કરવામાં આવે તેનો જીવનમાં અનુવાદ કરવામાં આવે તેજ જરૂરી છે, ને શાંતિનું મૂળ પણ તેમાં જ રહેલું છે. એટલે નીતિમય જીવનનું મહત્ત્વ ને ઈશ્વરપ્રાપ્તિની જરૂર અથવા આત્મિક વિકાસની આવશ્યકતા સમજનારે તેટલાથી જ અટકવાને બદલે નીતિમાન બની ને ઈશ્વરપ્રાપ્તિ કરી આત્મિક વિકાસની પરિસીમાએ પહોંચવું જોઈએ. તોજ તેને પૂર્ણ શાંતિ મળી શકે.

**પ્રશ્ન :** જીવનની ઉચ્ચતામાટે બીજું શું યાદ રાખવા જેવું છે ?

**ઉત્તર :** કેટલાક માણસો માને છે કે અમુકરીતે વર્તવું સારું છે ને બીજીરીતે વર્તવું ખોટું છે છતાં ખોટાનો ત્યાગ કરી સારા ને સાચા માર્ગે તે પગલાં ભરી શકતા નથી, તેનું મુખ્ય કારણ નબળું મનોબળ છે. પોતાનો આત્મા કે સત્ય શું કહે છે તેને પ્રથમ સ્થાન આપવાને બદલે લોકો શું કહે છે ને કહેશે તેને જ તેઓ મહત્ત્વનું માને છે તેથી સારા માર્ગનો કેટલીયવાર લોકલાજને નામે તે ત્યાગ કરી દે છે. બીજું કારણ સત્ય વસ્તુને માટે જે ભોગ આપવો પડે છે. તે આપવાની શક્તિનો અભાવ છે આ અશક્તિને લીધે સત્ય વસ્તુને માટે જયારે ભોગ આપવાનો વખત આવે છે ત્યારે તેમનું મન ડગી જાય છે, ને છેવટે સત્યમાર્ગથી ચલિત પણ થાય છે. આ બે ખામીને લીધે જે સત્યનો ઉપદેશ કે પ્રચાર કરે છે, તેવા માણસો પણ ઘણીવાર અસત્યમાં જ રમતા દેખાય છે, ને સત્યના આચરણનો આનંદ લઈ શકતા નથી. પણ આત્મિક પંથના પ્રવાસીએ આ ખામીથી મુક્ત થયે જ છૂટકો છે. તે વિના સાધનાની સિદ્ધિનો આનંદ મળવો તદ્દન અસંભવ છે—સાધનાની સિદ્ધિ તો શું પણ સાધનાનો સાધારણ

આનંદ પણ પ્રાપ્ત થવો મુશ્કેલ છે.

મહુવામાં એક વૃદ્ધપુરુષ મારી પાસે આવતા હતા. ગામમાં આવેલા એક સંન્યાસી મહારાજની પાસે તે રોજ જતા હતા. સંન્યાસી મહારાજનાં તે ખૂબ વખાણ કરતા. એક દિવસ તે મારી પાસે આવીને કહેવા માંડ્યા : 'જેટલા આવે છે તેટલા પૈસા લેવા જ આવે છે. મહારાજ કથા તો બહુ સારી કહેતા હતા પણ આખરે તો તે પણ કહે છે કે હવે મારે કોઈ એકાંત સ્થળમાં સાધના કરવા જવું છે. માટે ત્યાં ખર્ચ માટે પૈસા જોઈશે.' આશ્ચર્ય તો એ છે કે મહારાજની આટલી વાત સાંભળીને આવ્યા પછી તેમણે મહારાજ પાસે જવાનું પણ મૂકી દીધું !

આવી વૃત્તિ કેટલાય માણસોમાં જોવા મળે છે. સંન્યાસી મહારાજને એકાંતમાં જવું હતું, તેમાટે તેમણે પૈસાની મદદ માગી તો તેમાં ખોટું શું છે ? તેમણે કાંઈ બળજબરી તો કરી નથી. નહિ આપો તો દંડ થશે, જેલમાં લઈ જવાશે એવી ધમકી તો આપી નથી. તમારી ઈચ્છા હોય તોજ, ને તેટલું જ, તમારે આપવાનું છે, છતાં આવો બડબડાટ કે મિથ્યા ને હીન પ્રચાર શા માટે ? સાચું છે કે મહાપુરુષ ઈશ્વરપરાયણ જ હોય છે. તે ભવિષ્યની ચિંતા કરતા નથી. છતાં તેમને કૈંક ચિંતા થઈ તો તેથી વાંધો શું છે ? તેમના જ્ઞાન ને ચારિત્ર્યને એકદમ ભૂલી જવું બરાબર છે કે ? પૈસા વિના તમારો કે કોઈનો જીવનવ્યવહાર ચાલે છે કે ? તેમને પૈસાની જરૂર લાગી, ને તે જરૂર તેમણે પ્રદર્શિત કરી, તો તેમાં ખોટું શું છે ? ને મહારાજ તમારી કે કોઈની પાસે ભીખ કયાં માગે છે ? બદલામાં તે તમને અમુલખ ધન આપે છે. જ્ઞાનની પરબ માંડીને તે તો બેઠા છે. તે તમને

જ્ઞાન ને તે દ્વારા શાંતિ આપે છે. તો તમારી પણ કાંઈ ફરજ છે કે નહિ ? શું તમારે કોઈ કંગાલની જેમ બધું જ લેવું છે ? તમારી જવાબદારીમાંથી છટકવું હોય તો ભલે, પણ તેટલા જ માટે સાધુસંન્યાસી પ્રત્યે તિરસ્કાર બતાવી તેની નિંદા કરવાની જરૂર નથી જે શંકા થાય તે શંકાના નિવારણ માટે સૌથી પ્રથમ તે સાધુ પુરુષનો ને તે છતાં સમાધાન ના થાય તો કોઈ બીજા મહાપુરુષનો આશ્રય લેવાનું કામ વધારે સારું છે.

**પ્રશ્ન :** જ્ઞાનની પ્રાપ્તિ કયી રીતે કરી શકાય ?

**ઉત્તર :** એક માર્ગ છે. ગ્રંથ દ્વારા શ્રવણ ને મનનનો ને તે દ્વારા જ્ઞાનની પ્રાપ્તિનો. બીજો માર્ગ તેથી જુદો છે. માણસ સમજી લે છે કે પરમાત્મા શરીરમાં રહ્યા છે, એટલે તેમને મેળવવા તે ધ્યાનાદિ કરે છે. તેમ કરી અને પરમાત્માને મેળવી લે છે. આટલું થાય એટલે પરમાત્માસંબંધી બધું જ જ્ઞાન માણસને આપોઆપ મળી જાય છે. જે ભક્ત છે તે પ્રભુને મેળવવા રડે છે. પ્રાર્થે છે, ને પ્રભુનું દર્શન પામે છે. આ પછી પ્રભુ પોતે જ પોતાનું જ્ઞાન તેને આપી દે છે. તે પ્રભુ તેમજ તેનું જ્ઞાન બંનેને મેળવી લે છે જ્યારે પહેલા માર્ગનો માણસ કેવલ બાહ્ય જ્ઞાનમાં ગૂંચવાઈ જાય એવું વધારે બને છે. માટે રમણ મહર્ષિ ને રામકૃષ્ણદેવની જેમ પહેલાં આત્મદર્શન કે ઈશ્વરદર્શન કરો. જ્ઞાન તો પછી આપમેળે આવશે. ઈશ્વર છે. તેની પ્રાપ્તિ શક્ય છે, ને અમુક રીતે તે પ્રાપ્ત થાય છે. એટલું જ્ઞાન જ માણસને માટે પૂરતું છે. ઈશ્વરપ્રાપ્તિ પછી બીજું જ્ઞાન આપોઆપ મળી રહેશે.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ સ્તુતિ ॥

**પ્રશ્ન :** ઈશ્વરની સ્તુતિ કરવાથી ઈશ્વર પોતાના નિયમોને છોડીને પણ પાપમુક્તિ આપે છે ?

**જવાબ :** ઈશ્વરને માટે પોતાના નિયમો છોડવાનો કોઈ પ્રશ્ન જ પેદા થતો નથી. એ જે કાંઈ કરે છે તે પોતાના નિશ્ચિત નિયમોને અનુસરીને જ કરે છે પાપી અથવા અપરાધી પુરુષ ઈશ્વરનું શરણ લે. ઈશ્વરનું સ્મરણ કરે, અને પોતાનાં પાપકર્મ, દોષ અથવા અપરાધને માટે સાચા દિલથી પશ્ચાતાપ કરીને એનું પુનરાવર્તન ન કરવાનો સંકલ્પ કરે. તો ઈશ્વરની કૃપાથી પાપમુક્ત બની જાય છે. ઈશ્વરની દુનિયાનો એ પણ એક પ્રસ્થાપિત પરંપરાગત નિયમ જ છે. ગીતામાં સ્પષ્ટ શબ્દોમાં નિશ્ચયાત્મક રીતે કહેવામાં આવ્યું છે કે કોઈ સુદુરાચારી પણ જો મને અનન્યભાવે ભજે છે તો તે સત્ પુરુષ જ કહેવાય છે. એ થોડા જ વખતમાં ધર્માત્મા બને છે સનાતન શાંતિને મેળવી લે છે. હે અર્જુન મારો ભક્ત કદી વિનાશ પામતો નથી. મારું શ્રદ્ધાભક્તિપૂર્વકનું શરણ લઈને પાપયોનીમાં જન્મેલા જીવો સ્ત્રીઓ. વૈશ્યો તથા શુદ્રો પણ સર્વોત્તમ પદને પામી લે છે. તો પછી સત્કર્મ પરાયણ શીલવાન સદાચારી બ્રાહ્મણો, ભક્તો અને રાજર્ષિઓનું કહેવું જ શું ? આ પરિવર્તનશીલ, અનિત્ય, સંપૂર્ણ સુખશાંતિથી રહિત મૃત્યુલોકને મેળવીને મને જ ભજ.

જે ઈશ્વરનું શરણ લે છે તે સ્વાભાવિક રીતે જ એમની મદદ મેળવે છે.

**પ્રશ્ન :** ઈશ્વરની સ્તુતિ કેવી રીતે કરવી જોઈએ ?

**ઉત્તર :** ઈશ્વરની સ્તુતિ તદ્દન સહજ રીતે થવી જોઈએ અને બને તેટલા વધારે ને વધારે ભાવપૂર્વક કરાવી જોઈએ. એ પોતાની સ્વાભાવિક ભાષામાં કોઈપણ પ્રકારની કૃત્રિમતા કે દાંભિકતા સિવાય થવી જોઈએ.

**પ્રશ્ન :** મોક્ષ અથવા મુક્તિ એટલે શું ? તેને પ્રાપ્ત કરવાનાં સાધનો કયાં કયાં છે ?

**ઉત્તર :** મોક્ષ અથવા મુક્તિ એટલે અવિદ્યામાંથી છૂટીને સ્વરૂપનો સાક્ષાત્કાર કરવો અથવા પરમાત્માનો અપરોક્ષ અનુભવ કરવો તે. અવિદ્યાને લીધે એના જ પરિણામે અહંતા, મમતા, આસક્તિ, વાસના, લાલસા, કામના, રાગદ્વેષાદિનો જન્મ થાય છે. એમાંથી છૂટવામાં આવતાં આત્મદર્શન દૂર નથી રહેતું. પરમાત્માનો સાક્ષાત્કાર સહજ બને છે.

મુક્તિની પાપ્તિ માટે આત્મનિરીક્ષણ, આત્મશુદ્ધિ, ભગવન્નામસ્મરણ, પ્રાર્થના, આત્મજ્ઞાન, સંતકૃપા તથા ઈશ્વરના અસાધારણ અલૌકિક અમોઘ અનુગ્રહનાં સાધનો મુખ્ય છે. એ સાધનાની સહાયતાથી મુક્તિનાં ધારેલા લક્ષાંકની સિદ્ધિ સહેલાઈથી થઈ શકે છે.

**પ્રશ્ન :** ઈશ્વરની સ્તુતિ કરવાનું કાર્ય અનિવાર્ય છે ?

**ઉત્તર :** અનિવાર્ય છે એવું તો કેવી રીતે કહી શકાય ? ભક્તિમાર્ગમાં ઈશ્વરની સ્તુતિ કરવાનું સહજ આવશ્યક છે.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ પ્રશ્નોત્તરી ॥

**પ્રશ્ન :** તમે આ માર્ગ શા માટે લીધો ?

**ઉત્તર :** ૧૪-૧૫ વરસની વયે મેં હંમેશાં ખૂબ મન લગાડી વિચાર કર્યો કે જગતનું સ્વરૂપ કેવું છે ? જગત પરિવર્તનશીલ છે. કોઈપણ વસ્તુ શાશ્વત કે અમર નથી. વળી જોયું કે વૃદ્ધાવસ્થા, વ્યાધિ ને મૃત્યુ તેમજ અલ્પતા દરેક વ્યક્તિને ઘેરી વળ્યા છે. તો પછી જગતના આવા પદાર્થોમાં પ્રીતિ કરીને સમય તેમજ શક્તિને બગાડવાનો અર્થ શો ? વિચાર કરતાં લાગ્યું કે એક ઈશ્વર જ સનાતન છે તેને બ્રહ્મ કહો, આત્મા કહો, પરમાત્મા કહો, ગમે તે નામ આપો; ને તેની પ્રીતિ તેમજ પ્રાપ્તિથી માનવ ચિરસુખી, વિરાટ શક્તિશાળી ને અમૃતમય બની શકે છે. આ કરવામાં જ જીવનનો સાચો પુરુષાર્થ રહેલો છે. માનવજીવનનો મૂળ હેતુ એ જ છે. ને તે હેતુ સિદ્ધ કરનારને જ મહાપુરુષ, મહાત્મા, પયગંબર કે સ્થિતપ્રજ્ઞ કહે છે. જગતની ગમે તે વસ્તુ હોય, ગમે તેવી આકર્ષક કે સુંદર, મધુર કે ઉજ્જવલ હોય, તે શાંત છે, અપૂર્ણ છે, ને એક દિવસ તેનું નામનિશાન મટી જવાનું છે એ ચોક્કસ છે. એટલે જે અનંત છે. પૂર્ણ છે, સત્ય છે, તે કેવલ ઈશ્વર છે, ને તેને જ મેળવવો જોઈએ; તેને મેળવીને જીવનને મહાન કરવું જોઈએ એ વિચાર મને સૂઝયો.

આમાંથી સંયમ, ત્યાગ ને બ્રહ્મચર્યની આવશ્યકતા આપોઆપ ઊભી થાય છે. જેને તમે મેળવવા ઇચ્છો છો, તેની યાદમાં ચકચૂર થઈ જવું જોઈએ, ને તે વિનાની બીજી બધી જ આસક્તિઓને ઉડાવી દેવી જોઈએ. આધ્યાત્મિક માર્ગમાં આ

નિયમ ખૂબ મહત્ત્વનો છે. આને જ ત્યાગ કહે છે. ઈશ્વર માટે પ્રખર પ્રેમ ને બીજી બધી જ વસ્તુ પ્રત્યે ઉદાસીનતા એ જ ત્યાગનું ઉચ્ચોચ્ચ સ્વરૂપ છે. ઈશ્વરને પામવા તમારે ક્ષણેક્ષણનો ભોગ આપવો પડશે. જાગૃતિ ને સ્વપ્નમાં તેનું જ ચિંતન કરવું પડશે. ને તેને માટે હરેક ક્ષણ પ્રાર્થવું ને આતુર થવું રહેશે. ને બ્રહ્મચર્ય વિના આ માર્ગમાં આગળ વધવું કે કૈંક નક્કરરૂપે પ્રાપ્ત કરવું તદ્દન અશક્ય છે. વાણી, સ્વાદ, શરીર, વિચાર, બધાનો સંયમ ને બ્રહ્મચર્ય આ માર્ગના મૂળ પાયા છે. તેને પણ ઈશ્વરપ્રાપ્તિ માટે સ્વીકારવાની જરૂર છે.

એટલે સંપૂર્ણ વિવેકજન્ય વિચાર પછી, ઈશ્વરપ્રાપ્તિ ને તે દ્વારા પૂર્ણતાનો આદર્શ નક્કી કરીને મેં આ માર્ગ લીધો છે. આથી વધારે કાંઈ કહેવાની જરૂર છે ?

**એક જિજ્ઞાસુ :** યોગી શ્રી અરવિંદ ઘોષનું દેહાવસાન થયું.

**ઉત્તર :** આ વાત શું બરાબર છે ?

**જિજ્ઞાસુ :** હા. આજે વર્તમાનપત્રમાં સમાચાર છે.

**ઉત્તર :** ભારતના એક બીજા મહાપુરુષ જતા રહ્યા. હજી તો રમણ મહર્ષિને પૂરું વરસ પણ થયું નથી, ત્યાં તો અરવિંદ ઘોષ પણ ઊપડી ગયા ! ભગવાનની લીલા ગહન છે. ભારતના આધ્યાત્મિક જીવનને એક મહાન ખોટ પડી, એક મહાન કર્મવીર ને તત્ત્વજ્ઞ જતા રહ્યા !

**જિજ્ઞાસુનો પ્રશ્ન :** રમણ મહર્ષિ અને અરવિંદ એ બેમાં સૌથી શ્રેષ્ઠ મહાત્મા કોણ ?

**ઉત્તર :** આ પ્રશ્ન જ બરાબર નથી મહાત્માઓ બધા જ શ્રેષ્ઠ છે. તેમને હરીફ રૂપે જોવા ને મૂલવવા તે રીત મને પસંદ નથી. દરેક મહાત્માની પોતપોતાની વિશેષતા હોય છે. આ વિશેષતાને

જોઈને જ માણસ તેમની શ્રેષ્ઠતાનો ક્યાસ કાઢે છે. પણ તેમની આંતરિક અવસ્થા ને તાત્ત્વિક અનુભૂતિ કેટલી છે તે કોણ કહી શકે એમ છે ? ને મહાત્માની શ્રેષ્ઠતા કે દીનતા આવી આંતરિક અનુભૂતિથી જ નક્કી થઈ શકે છે. એ ના જાણીએ ત્યાં લગી તો મહાત્માઓની સરખામણી ન જ કરી શકીએ.

રમણ મહર્ષિ નિવૃત્તિ માર્ગના મહાન પ્રતિનિધિ હતા. તેમનું જીવનદર્શન આત્માને ઓળખવાના જ્ઞાનની આસપાસ રચાયું હતું. આ માટે પરિપક્વ ને સતત વિચાર તેમજ ધ્યાનનું મહત્ત્વ તે સ્વીકારતા હતા. તેમનું જીવન પ્રત્યેક માનવને માટે ખુલ્લું હતું. ગમે તે માણસ ગમે ત્યારે તેમનાં દર્શન કરી શકતો. અરવિંદ યોગમાર્ગના પ્રવાસી હતા, ને શરીરને દિવ્ય ને અમર કરવા સુધી માનતા હતા તે નિવૃત્તિપરાયણ હતા, પરંતુ દુનિયામાં દિવ્ય માનવજાતિનું નિર્માણ કરવાની પ્રવૃત્તિ માટે નિવૃત્તિ સેવતા હતા. તેમનાં દર્શન વરસમાં ચારવાર જ થતાં.

શાસ્ત્રોની દૃષ્ટિથી જોતાં મહર્ષિની આંતરિક દશા ઘણી જ ઊંચી હશે એમ લાગે છે, તે પૂર્ણદશાને પામ્યા હતા. અરવિંદની સાધના અપૂર્ણ હતી, એ વાત તે સાધના પૂર્ણ થયા પછી માનવહિતના કાર્યમાં પડવાના હતા તે પરથી સમજાય છે.

આપણે મહર્ષિ ને અરવિંદ બંનેનો સમન્વય જોઈએ છે. મહર્ષિની પૂર્ણતા, આત્મનિષ્ઠા ને નિસ્પૃહતા ને ત્યાગવૃત્તિની સાથેસાથે અરવિંદની માનવહિતમાં પ્રવૃત્ત થવાની મહેચ્છા ને જગતનાં સર્વ અંગોનો સ્વીકાર કરવાની વૃત્તિ જોઈએ છે. આ બંને વસ્તુ કોઈ એક જ વ્યક્તિમાં મળે, તો ભારત ને દુનિયા મહાન લોકોપકારી પરમાત્મનિષ્ઠ મહાપુરુષ જોઈ શકે, ને તેની વાણી સાંભળવાનું સદ્‌ભાગ્ય મેળવી શકે.

**પ્રશ્ન :** પણ અરવિંદ પોતે કહ્યા પ્રમાણે કામ તો કરી ના શક્યા ! તેમની દિવ્ય મનુષ્ય જાતિની વાતો જ રહી ?

**ઉત્તર :** મેં તો પહેલેથી જ કહ્યું'તું કે અરવિંદનું દેહાવસાન આશ્રમમાં જ થશે, ને તે તેમના શિષ્યો કહે છે તેમ ગાંધીજીની જગાએ કામ કરી શકશે નહિ. તે છતાં મને અરવિંદના વિચારો પ્રત્યે માન છે ને તે ખૂબ મહાન પુરુષ હતા એમાં શંકા નથી. તેમણે ધારેલું કાર્ય તે પૂરું નથી કરી શકયા તો પણ શું થયું ? તેમણે પોતાની ભાવનાને મૂર્ત કરવા જે પુરુષાર્થ કર્યો છે તે કાંઈ તેટલા જ માટે આપણે વ્યર્થ ગણીશું ? સુભાષચંદ્ર બોઝ પોતાનો પુરુષાર્થ સિદ્ધ થતો જોઈ ન શક્યા. તે છતાં આપણને તેમના જીવનકાર્ય પ્રત્યે શું માન નથી ? તેવું જ અરવિંદનું સમજવાનું છે પોતાના કામમાં કેટલી સત્યતા હતી, ને તે કેટલા સફલ ગયા છે, તે કેવલ તેજ જાણે છે. બીજું કોઈ સાધન તેમને જાણવાનું આપણી પાસે છે નહિ. કેમકે તેમનું જીવન રહસ્યમય હતું. પણ એક વાત તો સાચી છે કે તેમના વિચાર ને તેમનો પુરુષાર્થ બીજાને પ્રેરણા આપી શકે તેવાં છે. ને તેની કિંમત કરી આપણે તેમને સન્માનથી જોવા જોઈએ. ઈશ્વરની ઇચ્છા ને યોજના પ્રમાણે બધી જ વસ્તુ થાય છે. વિશ્વકલ્યાણ પણ તેની પસંદગી જેના પર ઊતરી હોય છે તેજ માણસ કરી શકે છે. એ રહસ્ય સમજી માણસે કેવલ ઈશ્વરપરાયણ થવાનું છે, ને જીવનમાં ઈશ્વરની ઈચ્છાને ઓળખતાં શીખવાનું છે. જીવન અનંત છે. ઈશ્વરેચ્છાથી અરવિંદ આજે અદશ્ય થયા છે. પણ તેમની ઇચ્છા શેષ હશે તો ફરી આવીને સાધના કરશે. નહિ તો પરમાત્મામાં મળી જશે.

ભલભલા યોગીઓ પણ આ સંસારમાંથી વિદાય થાય છે, જોકે તેમને મરણ જેવું કંઈ હોતું નથી, તો પછી હે સાધારણ

લૌકિક વાસનાઓમાં સબડતા જીવો ! તમે શી નિરાંત રાખી ઈશ્વરને ભૂલીને બેઠા છો ? આ સંસાર ચાર દિવસની ચાંદરણી છે. તેમાં જીવીને ઉત્તમ પુરુષાર્થ સાધી પૂર્ણ ને મુક્ત બનવામાં પ્રમાદ ના કરો. આવા અવસર ફરી ફરી મળશે નહિ.

**પ્રશ્ન :** વિષયી માણસને ઈશ્વરદર્શન થઈ શકે ?

**ઉત્તર :** વિષયના રસથી મુક્ત થઈ માણસ પવિત્ર ના બને ત્યાં લગી ઈશ્વરદર્શન કદી થઈ શકે નહિ. કાંતો વિષયમાં કે ઈશ્વરમાં, બેમાંથી એકમાં જ માણસ પ્રીતિ રાખી શકે. ઈશ્વરીપ્રેમ ને ઈશ્વરદર્શન માટે કેવલ ઈશ્વરના જ વિષયમાં રત થઈ જવું જોઈએ.

**પ્રશ્ન :** ઋષિઓને મંત્રદષ્ટા કહ્યા છે તેનું કારણ શું ?

**ઉત્તર :** મંત્રદષ્ટાના બે અર્થ છે. એક તો અમુક મંત્રદ્વારા સાધના કરી માણસે સિદ્ધિ મેળવી હોય તો તે મંત્રનો તે દષ્ટા ઋષિ કહેવાય. આ ગૌણ અર્થ છે. બીજો અર્થ વધારે ગંભીર છે. સમાધિપ્રાપ્ત ઋષિઓને ધ્યાનની તીવ્ર દશામાં કે સમાધિમાં દિવ્ય મંત્રો સ્ફુરે છે, દિવ્ય જ્ઞાન થાય છે, ને તે જ્ઞાનનો તે લોકહિતાર્થે ઉપયોગ કરે છે. આ જ્ઞાન અનંત ને અનાદિ છે; તે કાંઈ ઋષિઓએ પોતે ઉપજાવેલું નથી. ઋષિઓ તે અનાદિ જ્ઞાનના દષ્ટા છે. માટે તેમને દષ્ટા અથવા મંત્રદષ્ટા કહે છે. મંત્રદષ્ટાનો આવો અલૌકિક અર્થ છે.

**પ્રશ્ન :** જેમણે કેવલ આત્મવિષયક ઉપદેશ આપ્યા છે, ને જેમણે આત્મોપદેશની સાથે સાથે ભૌતિક-સામાજિક, રાજકીય વગેરે ઉપદેશ આપ્યા છે તે બેમાં શ્રેષ્ઠ કોણ ?

**ઉત્તર :** શ્રેષ્ઠ કોણ તે પ્રશ્ન જ નથી. મહાપુરુષોએ સમયની જરૂરિયાત પ્રમાણે જેવા ઉપદેશની જરૂર હતી તેવો ઉપદેશ

આપ્યો છે. ભારતીય ઇતિહાસમાં એવો પણ સમય હતો જ્યારે લોકો બાહ્ય ક્રિયાકાંડમાં જ અટવાઈ પડ્યાં હતાં. તે વખતે સદાચાર ને સત્યધર્મના ઉપદેશની જરૂર હતી. આ કામ બુદ્ધ તેમજ શંકરે કર્યું છે. જ્યારે વ્યાસ, વાલ્મિકી, કૃષ્ણ, સમર્થ રામદાસ ને નાનક જેવા મહાપુરુષોએ સમયને અનુકૂળ બની આધ્યાત્મિક ઉપદેશની સાથે સાથે ભૌતિક રીતે પણ સહાયતા કરી છે. જેમકે નાનકે શીખ સામ્રાજ્ય ને રામદાસે શિવાજી દ્વારા હિંદુ સામ્રાજ્યની સ્થાપના કરી હતી. ગાંધીજીએ પણ પોતાના સમયને પારખી બંને રીતે ઉપદેશ કર્યો છે. પણ તેથી અમુક મહાત્મા બીજાથી શ્રેષ્ઠ છે, ને અમુક મહાત્માએ ભૂલ કરી છે, એમ નથી. દરેકે દેશકાલને અનુરૂપ શિક્ષાદીક્ષા આપી છે.

**પ્રશ્ન :** અમારે સુધારક થવું છે તો કેટલીક સલાહ આપવા કૃપા કરો.

**ઉત્તર :** હું શું સલાહ આપું ? તમારી જાતે જ્યાંલગી સલાહ નહિ મેળવો ત્યાંલગી સાચા સુધારક થઈ શકશો નહિ. પહેલાં તમારી જાતને સુધારો. તમારા દુર્ગુણોને દૂર કરો. અહંતા, મમતા, રાગદ્વેષ, એ બધાંથી મુક્ત બનો. તે પછી બીજાને આપવાનું તમારી પાસે શું છે તે નક્કી કરો. તે પછી જ જે કંઈ હોય તે માન, પ્રતિષ્ઠા કે લક્ષ્મીની લાલચ વિના કેવળ ઈશ્વરના હાથમાં હથિયાર બનીને બીજાનો સુધાર કરવાનો પ્રયાસ કરો. તો તે સારી રીતે સફળ થઈ શકશે ને શોભશે. તેમ સુધારક ના બનો તેમ હું ઇચ્છતો નથી. પણ સુધારો તમારી અંદરથી જ શરૂ થવો જોઈએ એટલું જ મારે કહેવાનું છે. સૌથી પહેલી ને મહત્ત્વની સલાહ આ છે. બીજી સલાહ તે પછી જ આપી શકાય તેમ છે.

**—શ્રીયોગેશ્વરજી**

# ॥ શ્રીદત્તાત્રેય ॥

ઈશ્વર અને ગુરુના એકાકાર સ્વરૂપ મનાતા દત્તાત્રેયને 'શ્રીગુરુદેવદત્ત' પણ કહેવામાં આવે છે. હિન્દુ ધર્મના ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રચલિત વિચારધારાના વિલય માટે જ તેમનો જન્મ થયો હતો. એટલે ત્રણેય સંપ્રદાયના લોકોની આસ્થા તેમના પર છે.

દત્તાત્રેયને નાથ પરંપરા અને સંપ્રદાયના અગ્રજ માનવામાં આવે છે. તેમણે વેદ તેમજ તંત્રમાર્ગનો વિલય કરી, બ્રહ્મવિદ્યાનો પ્રચાર કર્યો હતો.

દત્તાત્રેયના જન્મ વિશે જુદી જુદી કથાઓ પ્રવર્તે છે :

(૧) બ્રહ્માંડપુરાણ અનુસાર સત્યયુગમાં ગુરુ ઉપદેશ પરંપરા તેમજ શ્રુતિઓનો લુપ્ત થવાને કારણે પોતાની વિલક્ષણ સ્મરણશક્તિ દ્વારા તેના પુનરુદ્ધાર તથા 'વૈદિક ધર્મ'ની પુનઃસ્થાપના કરવાના હેતુથી શ્રીવિષ્ણુએ દત્તાત્રેય સ્વરૂપે સતી અનસૂયાને ત્યાં જન્મ લીધો.

(૨) મહર્ષિ અત્રિએ પોતાની પત્ની અનસૂયા સાથે કરેલી દીર્ઘ તપશ્ચર્યા બાદ દત્તાત્રેયને પુત્રસ્વરૂપે પ્રાપ્ત કર્યા. જ્યારે બ્રહ્મા, વિષ્ણુ અને શંકર ત્રણે દંપતી સામે પ્રગટ થયા ત્યારે તેઓ ધ્યાન સમાધિમાં એવાં મગ્ન હતાં કે, તેમને દેવોના આગમનની ખબર જ ન પડી. એમના અંતરમાં પ્રવેશ કરીને જગાડ્યાં. જાગતાં ત્રણે દેવોને પ્રત્યક્ષ જોતાં તેમના આનંદની કોઈ સીમા ન રહી. તેમના ચરણોમાં ઝૂકી પડ્યાં; ગદ્ગદ્ કંઠથી સ્તુતિ કરી; 'પ્રભુ, તમારો મહિમા અનંત છે. અમારા જેવા સંસારાસક્ત, પ્રજાની ઈચ્છા રાખવાવાળા તેમજ આત્મવિમુખને દર્શન આપીને આપે અનંત

કૃપા કરી છે. અમે આપની શું પૂજા કરી શકીએ ? અમારી પાસે છે જ શું ? પ્રભુ ! અમને અપનાવી લો.'

બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એકીસ્વરે બોલ્યા 'અમે તમારી તપસ્યાથી અતિ પ્રસન્ન છીએ. તમે ઉત્તમ સંતાન માટે તપસ્યા કરી રહ્યાં હતાં. તો તમારી એ અભિલાષા પૂર્ણ કરવા અમે ત્રણે આપના પુત્રરૂપે પ્રગટ થઈશું.'

થોડા દિવસો બાદ એ ત્રણે જ એમના ઘરમાં પુત્રરૂપે પ્રકટ થયા. શંકરના અંશથી દુર્વાસા, બ્રહ્માના અંશથી ચન્દ્રમા અને વિષ્ણુના અંશથી શ્રી દત્તાત્રેયનો જન્મ થયો. જેની સંકલ્પશક્તિથી જગતની સૃષ્ટિ, સ્થિતિ અને પ્રલય થાય છે એ જ ત્રિદેવ અત્રિ-અનસૂયાની પ્રેમભક્તિને અધીન થઈને તેમના ઘરમાં સાધારણ બાળકો પેઠે રમવા લાગ્યા, ઋષિદંપતી એમની લીલા જોઈ જોઈને પોતાનું જીવન સફળ કરવા લાગ્યા.

સમયસર એ ત્રણેના ઉપનયન સંસ્કાર થયા. ત્રણેએ વિધિવત્ ગુરુકુળમાં રહીને વેદોનું અધ્યયન કર્યું. એમાંય દત્તાત્રેયે તો તત્ત્વજ્ઞાનનો ઉપદેશ કરવા સારુ જ અવતાર ધારણ કરેલો. એટલે તેમણે સંપ્રદાય અને ગુરુમર્યાદાની રક્ષા કરવા માટે સર્વજ્ઞ હોવા છતાં મહર્ષિ પ્રભુનું શરણ લીધું, જેમણે એમને સંપૂર્ણ મંત્ર રહસ્ય અને ઉપાસનાનું શિક્ષણ આપ્યું. પછી અત્રિના આશ્રમની પાસે જ આવી રહેવા માંડ્યા. એમને બાળકો સાથે રમવું તો બહુ ગમતું પરંતુ એ સમયે પણ તેઓ આત્મચિંતન કરતા રહેતા. એમની સુંદરતા, મધુરતા અને સ્વભાવ-શીલ પર બધા મુગ્ધ હતા.

એક દિવસ દત્તાત્રેય બાળકોનો સંગ છોડી, રમત-રમતમાં એક તળાવમાં પ્રવેશ્યા ને ત્રણ દિવસ સુધી બહાર ન નિકળ્યા.

આ તેમના યોગની સિદ્ધિ હતી કે જે સાક્ષાત્ ભગવાન વિષ્ણુ હતા એમને માટે શું અસંભવ હતું ? પણ આશ્ચર્યની વાત એ હતી કે, એમની સાથે રમનારાં બાળકો પણ ત્રણ દિવસ એ તળાવને કાંઠે જ રહ્યા. અન્નપાણી વિના પણ એમનો સ્નેહ રજ પણ ઘટ્યો નહિ. મિત્ર વિશે જાતજાતની કુશંકા કરી બેચેન રહ્યા. ત્રણ દિવસ બાદ તેઓ તળાવની બહાર આવતાં બધાં આનંદિત થઈ ગયાં.

દત્તાત્રેયને થયું આ તો ધાર્યા કરતાં ઊલટું જ થયું. હું એમને છોડવા માગતો હતો પણ એ તો તારો યોગનો પ્રભાવ જોઈ મને પકડી રાખવા માગે છે ! ફરી ત્રણ દિવસ તળાવમાં ગયા, બાળકો હજી પણ નિરાશ ન થયા. પણ આ વખતે દત્તાત્રેય વિચિત્રિ ઢંગમાં બહાર આવ્યા. પોતાના યોગબળથી અનેક આભૂષણોથી વિભૂષિત એક અપ્સરા જેવી સર્વાંગ સુંદરીનું સ્વરૂપ ધારણ કર્યું, એક હાથમાં મદિરાનો ઘડો લઈ, વિચિત્ર ચેષ્ટાઓ કરતા પ્રગટ્યા. એમનો આ વેશ જોઈ વૈદિક સંસ્કારસંપન્ન ઋષિકુમારોનું મન ફરી ગયું. આ તો અતિ દુષ્ટ નીકળ્યા ! પરસ્પર એમની નિંદા કરવા લાગ્યા. આ તો એક માયા હતી. કેટલાય જણાએ એ માયાનું રહસ્ય ન વરતી એમના પર પામરતાનો આરોપ મૂક્યો. કોઈક એવા પણ હતા જેમણે કહ્યું; આ વાસ્તવમાં એમના નામ પર આપણી વાસનાઓની પૂર્તિ છે. એમના ચરિત્રમાં આવી કોઈ વાત નથી.

(૩) એક <u>વધારે પ્રચિલત કથા</u> અનુસાર : નારદજીના મુખે મહાસતી અનસૂયાના સતીત્વની પ્રશંસા સાંભળીને ઉમા, રમા અને સરસ્વતીને ઈર્ષ્યા થઈ અને તેમણે પોતપોતાના પતિઓને અનસૂયાના પતિવ્રત તેમજ સતીત્વની પરીક્ષા કરવા અત્રિના આશ્રમમાં મોકલ્યા. એ વખતે અત્રિ ઋષિ આશ્રમમાં ન હતા.

ત્યારે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે સાધુનો વેશ ધારણ કરી, ભિક્ષા માગી. અતિથિ-સત્કારની પરંપરા અનુસાર સતી અનસૂયાએ ત્રણે સાધુઓનું સ્વાગત કરીને તેમને ભોજન માટે નિમંત્રણ આપ્યું. પરંતુ એ ત્રિમૂર્તિઓએ કહ્યું; 'હે સાધ્વી ! અમારો નિયમ છે. તમે નિર્વસ્ત્ર થઈને ભોજન પીરસશો તો જ અમે ભોજન કરીશું.' તેથી અનસૂયાએ પોતાના સતીત્વની અમોઘ શક્તિથી ત્રણેને નવજાત બાળક બનાવીને વત્સલભાવે દૂધભાત ખવડાવ્યાં. અને પોતાના ખોળામાં સૂવાડ્યાં. ત્રણેય બાળકો ગાઢ નિદ્રામાં સૂઈ જતાં તેમને પારણામાં સૂવડાવી દીધાં.

ઘણો સમય વીતવા છતાં પોતાના પતિઓ પરત ન ફરતાં ત્રણે દેવીઓ તેમને શોધવા મહર્ષિ અત્રિના આશ્રમ પહોંચી. અનસૂયાજીને પોતાના પતિ પરત સોંપવા જણાવ્યું. ત્યારે અનસૂયાજીએ તેમને પ્રણામ કરી કહ્યું; 'માતાઓ, આ પારણામાં ઝૂલતાં બાળકો તમારા પતિ હોય તો તમે તેમને લઈ જઈ શકો છો.' ત્રણે દેવીઓ મૂંઝવણમાં મૂકાઈ, કેમકે ત્રણે બાળકો એક સમાન લાગતાં હતાં. આમ, પોતાના પતિની ઓળખ કરવાનું કામ તેમને અતિ કઠિન લાગ્યું. આખરે ત્રણે દેવીઓની ક્ષમાયાચના તથા પ્રાર્થના સાંભળીને બાળક બનેલા ત્રિદેવોને અનસૂયાજીએ પોતાનું અસલી સ્વરૂપ પ્રદાન કર્યું.

ત્યારે આ ત્રણેય દેવોએ અત્રિ-અનસૂયાને ત્યાં પુત્રરૂપે જન્મવાનું વચન આપ્યું. બ્રહ્માજીના અંશમાંથી રજોગુણ પ્રધાન સોમ, વિષ્ણુના અંશમાંથી સત્ત્વગુણ પ્રધાન દત્ત અને શંકરના અંશમાંથી દુર્વાસાના રૂપે માતા અનસૂયાના પુત્ર બનીને અવતાર ધારણ કર્યાં. તે અત્રિના પુત્ર હોવાને કારણે આત્રેય અને દત્તના સંયોગથી દત્તાત્રેય નામસ્મરણ થયું.

(૪) <u>એક મરાઠી ધર્મગ્રથ 'ગુરુચરિત્ર'માં વર્ણિત છે</u> :

યજ્ઞોપવિત્ સંસ્કાર બાદ સોમ અને દુર્વાસાએ 'પોતાનાં સ્વરૂપ અને તેજ' દત્તાત્રેયને પ્રદાન કરીને, વનમાં પ્રસ્થાન કર્યું.

તેથી ત્રિગુણાત્મક, ત્રિમૂર્તિ અને ત્રિશક્તિસંપન્ન 'ત્રિદેવ'નું એકીકૃત સ્વરૂપ બન્યા દત્તાત્રેય.

બ્રહ્મા, મહેશ (સોમ, દુર્વાસા)ના વિયોગથી દુઃખી અનસૂયાના દુઃખને દૂર કરવા માટે ભગવાન વિષ્ણુએ 'પોતાના સ્વરૂપને ત્રણ રૂપમાં' ધારણ કર્યું. તેથી ભગવાન દત્તાત્રેય 'પ્રાતઃકાળે' બ્રહ્માજીના રૂપમાં, 'મધ્યાહ્‌ન સમયે' વિષ્ણુજીના રૂપમાં અને 'સાંજના સમયે' શંકર ભગવાનના રૂપમાં દર્શન આપતા હતા.

(૫) માર્કંડેય પુરાણમાં દત્તાત્રેયની ઉત્પત્તિકથા પ્રમાણે : એક કોઢી બ્રાહ્મણની પત્ની પતિવ્રતા હતી. એકવાર તે બ્રાહ્મણ એક વેશ્યા પર આસક્ત થઈ ગયો. એક અંધારી રાતે પત્ની પતિને ખભે બેસાડીને વેશ્યાના ઘરે લઈ જવા નીકળી. રસ્તામાં માંડવ્ય ઋષિ તપસ્યા કરી રહ્યા હતા. અંધારામાં એ બ્રાહ્મણનો પગ તેમને વાગ્યો તપસ્યામાં ભંગ પડતાં ઋષિએ શાપ આપ્યો કે, જેનો પગ મને વાગ્યો છે તે સૂર્યોદય થતાંની સાથે જ મૃત્યુ પામે. સતી સ્ત્રીએ પોતાના પતિની રક્ષા કરવા વૈધવ્યથી બચવા કહ્યું; 'જાઓ, સૂર્યોદય જ નહિ થાય.' તેથી સૂર્યનો ઉદય ના થયો અને પૃથ્વીના નાશની શક્યતા જણાતાં બધા દેવતાઓ બ્રહ્માજી પાસે ગયા. તેમણે અત્રિ મુનિની પત્ની અનસૂયા પાસે જવાની સલાહ આપી.

દેવતાઓ અનસૂયા પાસે જઈને પ્રાર્થના કરવા લાગ્યા. તેથી અનસૂયાજીએ બ્રાહ્મણની પત્નીને સમજાવી અને કહ્યું કે; 'તું સૂર્યોદય થવા દે. તારા પતિનું મૃત્યુ થતાં જ હું તેમને ફરીથી સજીવન કરી દઈશ. તેણે અનસૂયાજીની વાત માની.'

ત્યારબાદ સૂર્યોદય થયો અને મૃત્યુ પામેલા બ્રાહ્મણને અનસૂયાજીએ ફરીથી સજીવન કર્યો. દેવતાઓએ પ્રસન્ન થઈને અનસૂયાજીને વરદાન માગવા કહ્યું; ત્યારે તેમણે માગ્યું કે; 'બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ મારા ગર્ભથી જન્મ લે.' તેથી બ્રહ્માજીએ સોમ, વિષ્ણુએ દત્તાત્રેય અને મહેશે દુર્વાસા બનીને તેમને ઘેર જન્મ લીધો.

જ્યારે હૈહયરાજે અત્રિને બહુ કષ્ટ પહોંચાડ્યું ત્યારે દત્તાત્રેય ક્રોધિત થઈને સાતમા દિવસે જ ગર્ભમાંથી બહાર નીકળી ગયા.

## ॥ દત્તાત્રેયના ચોવીસ ગુરુ ॥

ભાગવત અનુસાર ભગવાન દત્તાત્રેયે જીવનમાં ઘણા લોકો પાસેથી શિક્ષા લીધી છે. તેમણે કહ્યું છે કે; 'જેનામાંથી જેટલા જેટલા ગુણ મળ્યા છે મેં તેમને મારા ગુરુ માન્યા છે. આમ તેમણે ચોવીસ ગુરુ કર્યા છે એ છે : પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, ચંદ્રમા, સૂર્ય, કબૂતર, અજગર, સાગર, પતંગિયું, મધુકર(ભ્રમર અને મધમાખી), હરણ, માછલી, પિંગળ, વેશ્યા, ગીધ, બાળક, કુંવારી કન્યા, બાણ બનાવનાર, સાપ, કરોળિયો અને ભૃંગી કીટ.'

## ॥ દત્તાત્રેય પરના પ્રસિદ્ધ ગ્રંથો ॥

'અવતારચરિત્ર' અને 'ગુરુચરિત્ર' બે ગ્રંથો વેદતુલ્ય. 'ગુરુચરિત્ર'ના ૫૨ અધ્યાયમાં ૭૪૯૧ પંક્તિઓ છે. તેમાં શ્રીપાદ, શ્રીવલ્લભ ને શ્રીનરસિંહ સરસ્વતીની લીલાઓ છે.

શ્રીરંગઅવધૂત, દત્તાત્રેયના પરમ ભક્ત હતા. તેમણે રચેલી 'દત્તબાવની' આજે દરેક મુખે પહોંચી છે, જેમાં ભગવાન દત્તાત્રેયની લીલાઓનું વર્ણન છે.

—સંકલન

# ॥ પરમ ભક્ત સુધન્વા ॥

'કૂદ પડા જલતે કહાડમેં ભક્ત સુધન્વા હો નિઃશંક
તપ્ત તૈલ હો ગયા ભક્તહિત શીતલ, માનોં ચંદનપંક'

ચંપકપુરીના ભગવદ્‌ભક્ત મહારાજ હંસધ્વજના ચાર પુત્રો હતા. તેમાં સુધન્વા સૌથી નાનો હતો. એ ભગવાનનો પરમ ભક્ત, મહાન શૂરવીર અને પ્રખ્યાત યોદ્ધો હતો. મહાભારતના યુદ્ધ પછી ધર્મરાજ યુધિષ્ઠિરે અશ્વમેઘ યજ્ઞ કર્યો. યજ્ઞનો ઘોડો છોડવામાં આવ્યો, એની રક્ષા માટે બહુ મોટા સૈન્ય અને શૂરવીરોની સાથે ધનુર્ધર અર્જુન પણ પાછળ પાછળ ચાલ્યો.

યજ્ઞનો ઘોડો વિવિધ પ્રદેશોમાં ઘૂમતો રહ્યો કોઈની હિંમત એને પકડવાની થતી ન હતી. આ ઘોડો જ્યારે ચંપકપુરીની સીમામાં પહોંચ્યો ત્યારે પુરોહિતોએ હંસધ્વજને એ ઘોડાને પકડી, યુદ્ધ કરવાની આજ્ઞા (સલાહ) આપી. પુરોહિતોએ ઘોષણા કરી કે; 'અમુક સમય પર જો સૈનિક સેનાપતિ કે રાજકુમાર રણભૂમિમાં નહિ પહોંચે તો તેને ગરમ તેલની કડાઈમાં નાખવામાં આવશે.' આવી કઠોર આજ્ઞા સાંભળી બધા સમયસર પહોંચવા વ્યગ્ર થઈ ગયા.

સુધન્વા ભગવાનના પરમ ભક્ત હતા, રાતદિન એમની સેવામાં રત રહેતા. યુદ્ધ માટે તૈયાર થઈ એ અંતઃપુરમાં ગયા. ત્યાં એક ધર્મસંકટ આવી પડતાં તેમનાથી વિલંબ થઈ ગયો. એ નિયત સમયે રણભૂમિમાં ન પહોંચી શક્યા. તેથી મહારાજ હંસરધ્વજે પુરોહિતોને વ્યવસ્થા અંગે પૂછતાં પુરોહિતોએ કહ્યું;

'મહારાજ, આજ્ઞા બધા માટે સમાનરૂપે હતી. સુધન્વાને તેલની કડાઈમાં અવશ્ય નાખી દેવો જોઈએ.' ને મહારાજે સુધન્વાને ગરમ તેલની કડાઈમાં કૂદવા માટે આજ્ઞા કરી. સુધન્વા તો ભગવાનનું નામ લઈ ગરમ તેલની કડાઈમાં કૂદી પડ્યો. પરંતુ ભગવાનની કૃપાથી એનો વાળ પણ વાંકો ન થયો. એનાથી પુરોહિતોને સંદેહ થયો કે રાજાએ કોઈ ચાલાકી કરી હશે. પરીક્ષા માટે એક નારિયેળ એ કડાઈમાં નાખવામાં આવ્યું. નારિયેળના જોરથી બે ટુકડા થઈ ગયા. બધાંને ભક્તનો મહિમા સમજાયો.

સુધન્વાએ એક પછી એક મોટા મોટા વીરોને પરાસ્ત કર્યા. પછી અર્જુન સાથે એવું ભીષણ યુદ્ધ કર્યું કે અર્જુન કિંકર્તવ્યમૂઢ થઈ ગયો. પણ પછી એને સમજાયું કે પોતાની સાથે સારથિ જનાર્દન નથી. ભગવાનનાં દર્શનની ઇચ્છાથી સુધન્વાએ કહ્યું, 'પાર્થ ! તમે જો બચવા ચાહો તો તમારા સારથિ જનાર્દનને બોલાવી લો.' ત્યારે અર્જુને માધવનું સ્મરણ કર્યું અને અંતર્યામી પ્રભુ ભક્તનો પોકાર સાંભળતાં જ એ ક્ષણે જ આવી, અર્જુનના રથ પર બેસી ગયા !

અર્જુનની પ્રસન્નતાનો પાર ન રહ્યો. એ ભગવાનના ચરણોમાં ઝૂકી ગયો. સુધન્વા પણ શસ્ત્ર છોડીને દોડ્યો અને ભગવાનનાં ચરણોમાં પડી રડવા લાગ્યો. ખરેખર તો શ્રીકૃષ્ણદર્શનની ઇચ્છાથી જ તેણે પાર્થ સાથે યુદ્ધ કરવાનો નિર્ધાર કર્યો હતો.

અર્જુને તેને કહ્યું; 'ક્ષત્રિય વીર થઈને યુદ્ધથી વિમુખ કેમ

થાય છે ? આવ હવે મારી સાથે યુદ્ધ કર. જો ત્રણ બાણોથી તારો શિરચ્છેદ ન કરું તો હું મારા પિતૃઓ સહિત નરકગામી બનું.' ત્યારે સુધન્વા બોલ્યા; 'વીરશ્રેષ્ઠ ! આવી બડાઈની વાતો કેમ કરો છો ?' હું નંદનંદનનાં દર્શન કરી રહ્યો હતો. હું પણ પ્રતિજ્ઞા કરું છું કે જો તમારાં ત્રણ બાણોને કાપીને ફેંકી ન દઉં તો મને સદ્‌ગતિ પ્રાપ્ત ન થાય.

બંને ભગવાનના ભક્ત હતા. ભગવાનને બંનેનાં વચન રાખવાનાં હતાં. બંને વચ્ચે ભીષણ યુદ્ધ થયું. અર્જુને બે બાણ છોડ્યાં, સુધન્વાએ તે કાઢી નાખ્યાં. ત્રીજાને પણ કપાયેલું જોઈ અર્જુનના શોકનો પાર ન રહ્યો. પોતાની પ્રતિજ્ઞા પૂરી ન થયેલી જોઈ તે અત્યંત દુઃખી થયો. ભગવાનની લીલા !

કપાયેલા બાણની ટોચ સ્વયં ઊડી ને તેણે સુધન્વાનું માથું ધડથી અલગ કરી દીધું. એ માથું આકાશમાર્ગેથી ઊડીને સ્વયં ભગવાનનાં ચરણોમાં આવી પડ્યું. ભગવાને એને બહુ આદરથી ઊઠાવ્યું. એમાંથી એક જ્યોત નીકળીને ભગવાનના શરીરમાં લીન થઈ ગઈ.

આ પ્રમાણે 'ભક્તભયહારી ભગવાને' પોતાના બંને ભક્તોની પ્રતિજ્ઞાઓ પોતાની લાક્ષણિક રીતે-અનોખી પ્રીતે પૂરી કરી.

**—પ્ર.બ્રહ્મચારી**

**'સંત—અંક'**

**ગીતા પ્રેસ, ગોરખપુર**

# ॥ કબીરની દૃષ્ટિએ રામ ॥

કબીરની ક્રાંતિના મૂળમાં છે રામ ! નિર્ગુણ રામની ઉપાસના એ કબીરની મોટી ભેટ છે. અમર્ત રામને ઉપાસ્ય બનાવી, તેની આરાધનાની અનોખી પદ્ધતિની ભેટ ધરીને મંદિરના અને મૂર્તિના, રામના ને શ્યામના, યજ્ઞના અને યાત્રાના ભેદભાવોથી પર જીવને શિવ બનવાની જે પદ્ધતિ સૂચવી, તે આજ પર્યન્ત ગુજરાતના ભક્તિપ્રવાહમાં અંતઃસલિલારૂપે પ્રવાહમાન થતી રહી છે.

આમ તો આ દેશમાં રામત્વ સર્વત્ર વ્યાપ્ત હતું-છે. પરંતુ મધ્યકાલીન જડવાદિતામાં એ મૂર્તિમાં ઠરીને ઠિંગરાઈ ગયું. એ અવતારીરૂપ ધરી દિવ્યતાના એવા ઉન્નત શિખરે જઈ વસ્યું એટલે સાધારણ માણસ તો એને આંબવાની હામ પણ ન ભીડી શકે. એ થીજી ગયેલા ભક્તવત્સલ સ્વરૂપને જડમૂળથી ઝંઝોડીને ગંગાધારાની પેઠે મસ્તક પર ઝીલીને, કબીરજીએ ‘રામરસની ગંગા’નું અવતરણ લોકહૃદયની ધરા પર કરાવ્યું.

કબીરજીએ રામના રામત્વને વિરાટ, વ્યાપક, ઊંચું તેમજ ઊંડું બનાવ્યું. રામને એક ઉદાર, વ્યાપક છતાં સર્વપ્રિય એવું સ્વરૂપ સાંપડતાં તે સરળતાથી લોકહૃદયે વસી ગયું. એટલું જ નહિ, એનું વૈશિષ્ય પણ અકબંધ રહ્યું તેથી જ એમણે કહ્યું;

‘રામહિ જાનેં, રામ પીછાણે
બૂઝે વિરલા કોઈ’

કોઈ વિરલા જ રામતત્ત્વને પિછાણી શક્યા છે. અને રામસંદર્ભે સ્પષ્ટ જણાવ્યું કે;

'દશરથસુત તિહું લોક બખાના
રામ નામકા મરમ હૈ આના.'

દશરથપુત્ર રામનાં સ્વર્ગ, પૃથ્વી અને પાતાળ-ત્રણે લોકમાં ભલે વખાણ થતાં. રામનામનો મર્મ તો અનેરો, ન્યારો જ છે.

રામનું સ્વરૂપ કેવું છે ?

એક ધાર્મિક, કર્તવ્યનિષ્ઠ, શૂરવીર, ન્યાયી, સત્યનિષ્ઠ, નિઃસ્વાર્થી, પ્રેમાળ, પિતૃભક્ત, ગુરુભક્ત, દૃઢવ્રતી, નિષ્પક્ષપાતી, ધીરગંભીર, મર્યાદાપુરુષોત્તમ ! વાલ્મીકિ, કાલિદાસ-ભવભૂતિના ભવ્ય વારસારૂપે રામનું આ સ્વરૂપ કબીરકાળ સુધી પ્રચલિત રહ્યું.

રામના દેહસૌંદર્યના માપદંડ-ઉન્નત સ્કંધ, વિશાળ વક્ષ, આજાનભુજ તો અતીતની વાત બની ગયાં છે. પણ તેમનો નીલ વર્ણ, કામદેવ જેવી શોભા, શંખ જેવી ગ્રીવા, ઉન્નત લલાટ હજીયે આકર્ષણ જમાવી શકે તેમ છે.

રામના શારીરિક-માનસિક બળનો સમન્વય, આત્મિક બળ, સત્ય, દાન, તપ, ત્યાગ જેવા ઉન્નત ગુણો-ટૂંકમાં સર્વ ગુણોની પરાકાષ્ઠા રામ ! સૌ આદર્શો, સદ્‌ગુણોનું ગુરુશિખર એટલે રામ !

કબીરજી રામના આ લોકપ્રચલિત રૂપથી કંઈ અજાણ ન હતા. પરંતુ મૂળે ક્રાંતદૃષ્ટા ! એમની દૃષ્ટિ 'એક્સ રે' સમી જ નહિ પણ 'લેસર' કિરણોસમી પારગામી ! વળી એક અદ્‌ભુત સંત. સહુ અદ્‌ભુતોમાં પણ અદ્‌ભુત ! અજોડ, અદ્વિતીય. એ તો પંડિતોને સાફ સુણાવે છે કે–

'તૂ કહતા કાગદ કી દેખી
મૈં કહતા અંખિન કી દેખી !'

સીધી ને સ્પષ્ટ વાત ! જરા પણ ઉધાર-ઉછીનું નહિ. જાત અનુભવનું સચોટ નિરૂપણ ! તે જ વાણીમાં વણીને લોકોને વહેંચ્યું. પરિણામે એમની વાણી દેશકાળથી પર રહી; અનોખી રહી.

કબીરના રામ અવતારી રામ નથી. રામ પરમ ચૈતન્યના પર્યાય છે. એ અનંત નામરૂપધારી છે છતાં નામરૂપથી રહિત છે. સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત છતાં અલિપ્ત છે. પિંડ-બ્રહ્માંડમાં એમનો જ પ્રકાશ છે છતાં તેનાથી અળગા છે. એનો નથી આદિ, નથી અંત. એ નથી નિર્ગુણ, નથી સગુણ. એ તો અલખ નિરંજન શૂન્યથી પણ અલગ એવા રામ તો રામ જ છે. એ ઈન્દ્રિયગમ્ય નથી, અગમ્ય છે છતાં ભાવગમ્ય અવશ્ય છે.

કબીરના રામ એટલે આતમરામ. રામ જ સર્જનહાર છે એવી પ્રતીતિ થતાં તેઓશ્રી સ્પષ્ટપણે ગાય છે :

'મારું મન માન્યું રમતાં રામસુ
ભજી લો ને સર્જનહારજી.'

જો તન-મન-અંતરમાં રામ છવાઈ જાય તો રામનામમાં એવી તાકાત છે કે બીજા કોઈ સાધનને અપનાવવાની જરૂર જ ન રહે.

'રામનામ જબ લિયો મનસે રામનામ જબ લિયો
જોગ, જશ, જપ, તપ વ્રત તીરથ સકળ સમર્પણ કિયો'
કહે કબીર સોઈ જન ઉગાર્યા
જિન સમર્યા શ્રી રઘુરાઈ !
રામનામ તત્ત્વસાર જગતમેં
ભજી લો બારબાર.

અનેક કસોટીઓ પર કસીને કબીરજી કહે છે :

'પરખત પરખત પરખિયા, રામનામ તત્ત્વસાર.'

આમ છતાં રામનામના પોપટિયા જાપથી કંઈ જ ન વળે ! રામનામ પૂરી સમજણપૂર્વક, મનને વિશુદ્ધ બનાવીને લેવાનું હોય. રામની સાધના દોહયલી છે એ દર્શાવવા કબીરજી કહે છે :

'ભગતિ દુહેલી રામ કી, નહિ કાયર કા કામ
સીસ ઉતારે હાથિ કરી, સો લેસી હરિ નામ.'

કબીરનો વિરહ લૌકિક જુદાઈ નથી, એ તો 'આધ્યાત્મિક અલગાવ' છે. રામમય થવા રોમેરોમનું રામમય થવું જરૂરી છે. એ 'અમોલક રતન' મળતાં મન રામમય બનીને રામમાં જ લય પામી જાય છે. રામનામ રટતાં રટતાં પ્રત્યક્ષ જ રામ બની ગયા. હવે કોની આગળ શિર ઝૂકાવવું ? કોને શરણે જવું ? આમ કબીરના રામ એટલે પિંડે પિંડમાં વ્યાપેલા બ્રહ્મ ! રોમેરોમમાં રમી રહેલા રામ ! અંગેઅંગમાં જીવંતતા રેડતું પ્રાણતત્ત્વ. અણુ-અણુને આંદોલિત કરતું અમરતત્ત્વ !

રામકબીરના રામ ભલા આથી અલગ હોઈ શકે ખરા ? 'રામકબીર' શબ્દ જ રામ અને કબીરનો અભેદ દર્શાવે છે. રામકબીરના રામ ઘટઘટવ્યાપી આતમરામ જ છે.

**—ડૉ.ઈશ્વરચંદ્ર દેસાઈના**
**લેખ પરથી સાભાર**
**(કબીરવિશેષ)**
**સંપાદન : શ્રી ગોવિંદ ભક્ત**

# ॥ 'વસંતપંચમી'નો સાચો મહિમા ॥

વિદ્યાની દેવી સરસ્વતીનો પ્રાદુર્ભાવ વસંતપંચમીએ થયેલો સરસ્વતી સાહિત્ય, સંગીત અને કલાનું સર્જન કરનાર શક્તિ મનાય છે. મહાસુદ પાંચમે પાનખર વિદાય લે છે અને ધરતીલોક પર વસંતનું અવતરણ થાય છે. આ વસંતપંચમીનો ઉત્સવ કવિઓ, ગાયકો, રસિકજનો, તરુણો પોતપોતાની આગવી રીતે આવકારે છે. એક કવિ કહે છે તેમ; 'કોયલોએ આ ઉત્સવ નોતર્યા છે, ફૂલોએ વધાવ્યો છે, પક્ષીઓએ ગાનમાં પલોટ્યો છે. આમ્રમંજરીની સુગંધે સન્માન્યો છે.'

પ્રકૃતિનો વૈભવ તો વસંતપંચમીએ અનુપમ હોય જ. વનરાજી મ્હોરી ઊઠી હોય, ફૂલો ખીલી ઊઠ્યાં હોય, કોમળ કૂંપળો હસતી હોય, સર્વત્ર સંજીવની છંટાઈ હોય એમ બધું જ નીખરી ઊઠ્યું હોય ત્યારે માતા સરસ્વતીની પૂજા-અર્ચના અત્યંત સ્વાભાવિકતયા જ શ્રદ્ધાળુઓથી સંપન્ન થાય છે. શ્રી સહજાનંદ સ્વામીએ 'શિક્ષાપત્રી'ની રચના માટે પણ વસંતપંચમીનો શુભ દિવસ પસંદ કરેલો. કવિ કાન્ત વસંતને 'વસંતદેવતા' કહી વધાવે છે :

'વસંત વનદેવતા ! શુભ સદૈવ સત્યવંદા
કરે વિહંગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા.'

ઋતુપરિવર્તનના રસોત્સવ સમી 'વસંતપંચમી'નો મહિમા કરતાં રસેશ્વર શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતાના 'વિભૂતિયોગ'માં કહે છે : 'ઋતુનાં કુસુમાકરઃ' અર્થાત્ ઋતુઓમાં હું સઘળા પુષ્પોનું ઐશ્વર્ય ભંડારસ્વરૂપ વસંત છું.

એક પૌરાણિક કથા અનુસાર, ભગવાન શ્રીકૃષ્ણે જ સર્વપ્રથમ સરસ્વતીની પૂજા-આરાધના કરી હતી. એમણે સરસ્વતીમાતાને વરદાન આપેલું : 'હે વાગ્દેવી ! તમે મારા અંશાવતાર સ્વરૂપે ભગવાન નારાયણ—વિષ્ણુની સેવા કરશો અને મહાસુદ પંચમીના શુભ દિવસે પંડિતો-વિદ્યાર્થીઓ વગેરે

તમારી પૂજા-આરાધના કરીને 'વિદ્યાનો આરંભ' કરશે.'

શ્રીકૃષ્ણના આવા વરદાનથી દેવી સરસ્વતીની પૂજા ઉપાસના અસ્તિત્વમાં આવી. આજે પણ ઘણા ગુરુકુળોમાં વિદ્યારંભના 'સારસ્વત મહોત્સવો' ઊજવાય છે.

'ૐ વિદ્યાવારિધિ સરસ્વતી ! વરદે કામરૂપિણી વિદ્યારંભ કરિષ્યામિ ।'

—જેવા મંત્રો, સ્તોત્રો વગેરેનો પાઠ કરી, વિદ્યાનો આરંભ કરાય છે.

'વસંત' અને 'સરસ્વતી' બંનેમાં સાત્ત્વિકતા, નિર્મળતા, પવિત્રતા સંમિલિત હોવાથી, સરસ્વતી દેવીના પૂજનમાં પણ શ્વેત વર્ણની સાત્ત્વિક પૂજાસામગ્રીનો વિનિયોગ થાય છે. શ્વેતપુષ્પો, દૂધ, માખણ, સાકર, અક્ષત, સફેદ તલ વગેરે દ્રવ્યો પ્રયોજાય છે. સરસ્વતીની મૂર્તિ સમક્ષ પુસ્તકો મૂકીને દેવીનું પૂજન થાય છે.

વસંતપંચમીથી આરંભાતો વસંતોત્સવ સંપૂર્ણ વસંતઋતુ દરમિયાન ઊજવાય છે. લગભગ પ્રત્યેક પ્રાન્તની કવિકલમે વસંત, વસંતરાગ, વસંતરાસ, રાધા-કૃષ્ણરાસ વગેરેનાં રસમય ગીતો પ્રગટ્યાં છે. એમાં કવિ કાલિદાસનું 'ઋતુસંહાર' અદ્‌ભુત છે.

નવચૈતન્યની છડી પોકારતું 'વસંતપંચમી'નું મહાપર્વ કવિશ્રી ઉમાશંકરે કહ્યું છે તેમ; 'કેલેન્ડર પર આવી, જતું રહે છે.' સૃષ્ટિ રચયિતાનું અમુલખ વરદાન વીસરાતું જાય છે. ત્યારે પ્રકૃતિમાં વિલસતા વસંતના સૌંદર્યને ઓળખી, આત્મસાત્ કરી, માનવજીવનમાં એને પૂર્ણતયા અવતારવાનો પ્રયત્ન કરી, માનવ ધન્ય બનવાનો મહામૂલો અવસર વેડફી ન નાખે એ જોવાની જવાબદારી એની છે.

વસંત વનમાં મહેકે એટલી જ જનમાં મહેકે તો શ્રીકૃષ્ણ તેમજ માતા સરસ્વતીનો સાચો મહિમા, વિદ્યારંભે જ નહિ, જીવનના પ્રત્યેક અંશમાં અનુભવી શકાય.

**—સંકલન**

# ।। સ્વર્ગારોહણ જઈ નિર્ભય થઈએ ।।

મનના માંડવડે ચાલો મંત્ર જાપ જપવા જઈએ;
તનના તાપ ઠારવા ચાલો મંત્ર જાપ જપવા જઈએ...

હરિના હેતની હેલી વરસશે ત્યાં સત્સંગમાં અનરાધાર;
ચાહકના પૂરમાં ભીંજાવા ચાલો સામા પૂરે જઈએ...

યોગેશ્વરજીની તપસ્યાનો ભાવ સદા હૃદયે ધારણ કરીને;
જ્ઞાન-ગંગાના પવિત્ર વહેણમાં ચાલો હોંશે હોંશે જઈએ...

'મા' સર્વેશ્વરી ધ્યાન મંત્ર જપે છે સદા એકાંતે કુટિયામાં;
આ અલૌકિક મૌન વાણીનો ચાલો શુભ લાભ લેવા જઈએ...

સમજુ-શાણા ને નિરભિમાની જ ભક્તિમાર્ગ જરૂર પામશે;
ઔષધિ સફળ પામવા ચાલો પ્રકૃતિ તીર્થે જરૂર જઈએ...

અડાબીડ જંગલ છે આ સંસાર, ભેદ-ભરમથી ભર્યો ભર્યો;
શીખ પામીને ગુરુજનોની સ્વર્ગારોહણે નિર્ભય થવા જઈએ...

**—શ્રીનિર્ભયરામ કા.વૈષ્ણવ**
**ભાવનગર.**